Permitted to Post at PSO-AHD : On every Wednesday
Post Reg. No. GAMC-1438/2010-2012 Valid upto 31st December, 2012
છૂટક કિંમત : રૂપિયા ૧૦ ◆ પાના : ૦૮
Reg. under RNI No. GUJGUJ/2003/16248

# ધી ઇકોનોમિક રેવલ્યૂશન

## THE ECONOMIC REVOLUTION

સ્ટોક માર્કેટ અને આધુનિક આર્થિક પ્રવાહોની સચોટ માહિતી પ્રતિબિંબિત કરતું સફળ ગુજરાતી સાપ્તાહિક

Web site : www.theeconomicrevolution.com
Email : theeconomicrevolution@yahoo.co.in

Everythings that's on Money !!!

● વર્ષ : ૭ ● અંક : ૧૦ ● તા. ૦૨.૦૩.૨૦૧૦ થી ૦૮.૦૩.૨૦૧૦ ● ફાગણ વદ ૦૨ થી ફાગણ વદ ૦૮ ● સં. ૨૦૬૬ ● તંત્રી : નરેન્દ્ર જોષી ●
● કાર્યાલય : ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

# અલવીદા, અલવીદા રાહત પેકેજો અલવીદા

નમસ્કાર મિત્રો,

ભારતીય બજારો માટે વિતેલું સપ્તાહ બજેટમય રહ્યું. બજારના નાના રોકાણકારો અને ટ્રેડર તેમજ સામાન્યજન બજેટની રાહ જોઈને રોકાણ કરવાનો કે ટ્રેડીંગ પોઝીશન ગોઠવવાનો વ્યૂહ રચી રહ્યા હતા. પરંતુ મોટા ગજાના અને જાણકાર રોકાણકારોના તો મહદ્અંશે બજેટમાં શું મોટી હકારાત્મક અને મોટી નકારાત્મક જાહેરાત આવવાની છે તેની ધારણા અગાઉથી જ કરીને ફાયદો મેળવવાની ચાલ ચાલી ચુક્યા હતા. આમ જોઈએ તો પ્રણવ મુખર્જી દ્વારા આપવામાં આવેલા બજેટને બજારોના દ્રષ્ટિકોણથી સમતુલીત બજેટ કહી શકાય. જો ખરેખર જ બજારો આ બજેટને વધાવ્યું હોય તો માત્ર ૧૭૫ પોઈન્ટના ઉછાળાના સ્થાને ૫૦૦ પોઈન્ટ કે એટ લિસ્ટ ૪૦૦ પોઈન્ટનો ઉછાળો તો આપવો જોઈતો હતોને ? આમ બજારોએ બજેટને જોરશોરથી વધાવ્યું તેમ કહેવું અતિશયોક્તિ ભર્યું છે. હા, જો આગામી સપ્તાહમાં બજારો સોમવારથીજ સારો વધારો દર્શાવે તો હકારાત્મક છે. અને બજેટની રાહ જોવાતી હતી તો બજેટનેજ શ્રેય આપી શકાય.

### શેરબજારની સમીક્ષા



દિપક અમીન
મો. ૯૯૦૯૫૧૨૫૭૯

બજેટની મુખ્ય જાહેરાતોપર ઉડતી અને સંક્ષિપ્ત નજર નાખીએ તો હકારાત્મક અને નકારાત્મક એમ બંને ભાગ પાડીને નીચે મુજબ તારવી શકાય.

**હકારાત્મક :**

ઈન્કમટેક્ષની મુક્તિમર્યાદા ૧.૬ લાખ કરવામાં આવી કે જે મધ્યમ વર્ગ માટે હકારાત્મક છે.

સર્વિસ ટેક્ષમાં ૧૦ ટકાના સ્થાને ૧૨ થવાનો હતો તે નથી કર્યો. કોર્પોરેટ સરચાર્જ ૧૦ ટકાથી ઘટાડીને૭.૫ ટકા કર્યો. ફિસ્કલ ડેફીસીટ એટલે કે રાજકોષીય ખાધ કે જેને વિશ્વ અને વિદેશી રોકાણકારો અને ક્રેડીટ રેટીંગ એજન્સીઓ અત્યંત વધારે વજન આપે છેએ વર્ષ ૨૦૧૧ દરમ્યાન દેશ ના જીડીપી ના ૫.૫ ટકા અને ૨૦૧૨ દરમ્યાન ૪.૮ ટકા કરશે કે જે સરકારની ખાધનીતિને ચુસ્ત બનાવવાની દ્રષ્ટિ દર્શાવે છે.

કેન્દ્ર સરકાર દેવાનો ટાર્ગેટ ઘટાડીને ૫૦૦૦૦ કરોડ કર્યો. વર્ષ ૨૦૧૧ દરમ્યાન ડીસઈન્વેસ્ટમેન્ટ મારફતે ૪૦, ૦૦૦ કરોડ એકઠા કરવાની ગણતરી છે. શિક્ષણ ક્ષેત્રે ૩૧૦૦૦ કરોડ ની ફાળવણી આઈટી અને શિક્ષણ ક્ષેત્રે કંપનીઓ ને લાભપ્રદ રાખશે.

ખાનગી કંપનીઓને એનબીએફસી અને બેંકિંગ લાઈસન્સ આપશે એવી જાહેરાત ચાલુ વર્ષમાં ૭.૨ ટકા કરતા વધારે વિકાસ દર રહેવાની ધારણા આપી. દેશના ચલણને વૈશ્વિક નામના આપવા તેનું ચિહ્ન બહાર પાડશે.

કિચન ઈક્વિપમેન્ટ સસ્તા થવાથી તેના વેચાણમાં વધારો આવી શકે છે કે જે કન્ઝ્યુમર ડ્યુરેબલની કંપનીઓ જેવીકે

**યુપીએ સરકાર દર બજેટમાં મિડલ ક્લાસની વાપરવા લાયક આવક વધારે તેવા પ્રયાસો કરી રહી છે. આમ કંપનીઓની નફાશક્તિ બની રહેશે અને ફુગાવાના દરને ટેકો પણ મળી રહેશે**

વ્હર્લપુલ, હીટાચી હોમ, જઈપાન વગેરેને ફાયદો કરાવી શકે છે. સંરક્ષણ માટે રોકાણ વધારવામાં આવતા અસ્ટ્રા માઈક્રોવેવ, ભેલ, બીઈએમએલ કંપનીઓને ફાયદો થશે.

**નકારાત્મક :**

પેટ્રોલ-ડીઝલમાં ભાવ વધારો ઓઈલ કંપનીઓને પણ નહીં ફળે કારણ કે સામે એકસાઈઝ વધારવાથી સરભર થઈ જશે. સર્વિસ ટેક્ષના જાળમાં ૮ નવી સેવાઓનો ઉમેરો, જેમાં રેન્ટ ઈન્કમ, અને એર ટ્રાન્સપોર્ટ સર્વિસનો સમાવેશ.

છેલ્લા વર્ષ ઉપરાંત જાહેર કરેલું સ્ટીમ્યુલસ પેકેજને હવે આગામી વર્ષ દરમ્યાન કદાચ સંપૂર્ણ ખેંચી લેવાશે તેવા સંકેત આપ્યા છે. એફડીઆઈ ક્ષેત્રે કોઈ હકારાત્મક સમાચાર નથી. જો કે હમણાં જ એફઆઈપીબીની એફડીઆઈ એપ્રુવલ ક્ષમતા રૂા. ૬૦૦ કરોડ થી વધારીને રૂા. ૧૫૦૦ કરોડ કરી છે તે એફડીઆઈ માટે મોટું હકારાત્મક છે. એફડીઆઈ એ વિદેશી સીધા રોકાણ માટે વપરાય છે કે જે એફઆઈઆઈ એટલે કે શેર બજારોના માધ્યમથી નથી આવતું પરંતુ સીધા રોકાણ સ્વરૂપે આવે છે.

જેમ્સ એન્ડ જ્વેલરી ક્ષેત્રને ડબલ માર પડ્યો છે. એખ બાજુ થોડાક મહિનાઓ પહેલાં આપેલી રાહત પાછી ખેંચી લેવામાં આવી છે, ઉપરથી સોના અને ચાંદીની આયાત - જકાત વધારી દેવાથી ૧૦૦ અને ૫૦૦ રૂપિયા જેટલી વધારાની જકાત થઈ જશે. સીમેન્ટ સેક્ટર પરની એક્સાઈઝ રાહત પાછી ખેંચી લેવામાં આવી છે.

એકંદરે બજેટમાં સામાન્ય માણસ ને ધ્યાનમાં રાખીને જે જોગવાઈઓ કરવામાં આવી છે તેના પરથી અને બીજી ઘણી બધી યોજનાઓનું અમલીકરણ કરવાથી બજારો પર તેની શી ઈફેક્ટ પડે છે તે તો સમય જ બતાવશે. પરંતુ હાલમાં બજારોમાં જ્યાં સુધી કંપનીઓના ત્રિમાસિક ગાળાના પરિણામો નહીં આવી જતા ત્યાં સુધી વૈશ્વિક પરિબળોને બજારો અનુસરશે

# અણધાર્યું સુંદર બજેટ શેર બજારને ટોનિક આપશે

ઈન્વેસ્ટર મિત્રો,

મુંબઈ શેર બજારનો સુચકાંક ૧૭૦ પોઈન્ટ બંધ આવી ૧૬૪૦૦ બંધ આવ્યો છે. બજાર આટલં સારું નહીં આવે એવી ધારણાથી ૧૦ દિવસ અગાઉથી બજારે ઘટવાનું શરુ કર્યું હતું. પણ બધા જ પાસા ઉલ્ટા પડે તેમ થયું. જેથી વેચાણ માથે મારનારાઓએ વેચાણ કાપવા દોડવું પડ્યું. છતાંઆ બજેટનો ઉંડાણથી અભ્યાસ કરતા ઘણો વખત લાગશે. ત્યાર બાદ આ ક્ષેત્રાના નિષ્ણાંતો પોતાનો રિપોર્ટ આપશે.

છતાં પહેલી નજરે બજારને આ બજેટ ટોનિક પુરુ પાડશે. બજેટનો થોડો સોર આ પ્રમાણે આપી શકાય.

(૧) ૧ લાખ ૬૦,૦૦૦ થીપ લાખના તથા તે ઉપરના સ્લેબમાં મોટો ઘટાડો એ સૌથી બુલિશ વસ્તુ છે. ભારતનો અપર મીડલ ક્લાસ જેના હાથમાં સનપ્લસ પૈસા આવશે અને જે બજારમાં રોકશે.

(૨) રિફોર્મની પ્રક્રિયા ચાલુ રહેશે અને ઉપરથી વધુ ઝડપી અને મજબૂત રહેશે.

(૩) જીએસટી ડાયરેક્ટ કોડ એપ્રિલ ૨૦૧૧થી અમલમાં આવશે.

(૪) જીડીપી ગ્રોથ ૮ ટકા કે તેથી ઉપર થશે જેથી ભારતની સમૃદ્ધિ વધશે અને ઈન્ડીયા ઈકોનોમીક સુપર હાઉસ થશે.

(૫) ભવિષ્યમાં પ્રાઈવેટ પ્લેયર અને એનએફબીસી ને બેંક લાયસન્સ આપવામાં આવશે.

(૬) ફિસ્કલ ડેફીસીટ, જીડીપીના ૫.૫ ટકાઉપરથી ૪.૧ ટકા બે વર્ષમાં લાવવાની યોજના. ડીસઈન્વેસ્ટમેન્ટ તથા ૩ જી એક્શન દ્વારા શક્ય બનશે.

(૭) ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એગ્રિકલ્ચર અને અરબન ડેવલપમેન્ટ ઉપરનો ખર્ચ વિકાસને તેજી આપશે.

આમ આ બજેટ રિફોર્મ લેડ ગ્રોથનો પાયો નાખ્યો છે.

### ગોલ્ડ માઈન

**મોના વકીલ**

**૧. જેન બર્કડ ફાર્મા**

**બીએસઈ કોડ. ૫૨૪૭૩૧** થી બીએસઈ ખાતે લીસ્ટેડ રૂા. ૪૬ માં મળતો આ શેર ભવિષ્યનો સુપર સ્ટાર છે.

(૧) કંપનીના ફન્ડામેન્ટલ ખૂબ ઊંચા છે. ૩૦-૧૨-૦૯ના રોજ પૂરા થતા નવ મહિના માટે કંપનીએ નફામાં ૬૧૧ ટકાનો ઉછાળો બતાવ્યો છે.

(૨) આ બજેટમાં જે ફાર્મા કંપનીઓ રિસર્ચ એક્ટીવીટીને મહત્ત્વ આપે છે તેને ખૂબ ફાયદો છે. આ કંપની એક એવીકંપની છે જે રિસર્ચ અને આર એન્ડ ડી ને ખૂબ મહત્ત્વ આપેછે.

ઝડપથી ૫૦ થી ૫૫ ભાવ આવી શકે.

**૨. સુપર હાઉસ**

**બીએસઈ કોડ. ૫૨૩૨૮૩** થી બીએસઈ ખાતે લીસ્ટેડ રૂા. ૪૭ માં મળતો આ શેર ઉત્તમ વળતર આપશે જેના કારણો નીચે મુજબ છે.

(૧) કંપનીની શેરમૂડી ૧૦ કરોડની છે. જેની સામે કંપની પાસે ૯૨ કરોડનું રિઝર્વ છે. અને કંપનીના શેરની બુકવેલ્યુ ૯૪ રૂા. છે.

(૨) ડીસેમ્બર ૨૦૦૯ના કવાર્ટર માટે કંપનીએ નફામાં ૩૧૦ ટકાનો ઉછાળો બતાવી બે કરોડ ૬૬ લાખનોનફો બતાવ્યો છે. આમાં ફક્ત ૫ ના પીઈથી મળે છે.

(૩) કંપની રેગ્યુલર ડીવિડન્ડ ચૂકવે છે. આ બધુ જોતાં આ ભાવ ૪૭ અચુક લેવાય.

**૩. લાન્કો ઈન્ડસ્ટ્રીઝ**

**બીએસઈ કોડ. ૫૧૩૬૦૫** થી બીએસઈ ખાતે લીસ્ટેડ રૂા. ૪૬૦ માં મળતો પીગ આયર્ન બનાવતી પ્રતિષ્ઠિત હૈદરાબાદના લાન્કો ગ્રુપની આ કંપનીનો શેર છેલ્લા બે કવાર્ટરથી સુંદર પરિણામો બતાવી રહ્યોછે.

(૧) ૩૦-૯-૦૯ના કવાર્ટરમાં નફામાં ૩૮૨ ટકાનો ઉછાળો બતાવી

**અનુસંધાન ૨ પાને**

**બજારના સમયે લાઈવ મેસેજ આપના મોબાઈલ પર**

**ફક્ત માસિક રૂ. ૧૦૦૦**

**એસએમએસ દ્વારા બજારની સલાહ મેળવો એક સાથે ત્રિમાસિક ફી ભરનારને ૧૦ ટકા ડીસ્કાઉન્ટ વધુ વિગત માટે : નરેન્દ્ર જોષી, મો.૯૮૨૫૦૬૫૩૮૭**

# ૧લી માર્ચ થી ૫ મી માર્ચ સુધી બજારનો રિવ્યૂ

**નિફ્ટી (૪૯૨૨)**
**સેન્સેક્ષ (૧૬૪૩૦)**
**તા. ૨૬.૦૨.૧૦**

અમોએ જણાવેલ કે સપ્તાહ માટે જે સાપ્તાહિક બારની રચના થયેલ છે તે દ્વિધાની સ્થિતિ ઉત્પન્ન કરે છે અને અગાઉના બાબની સાથે તે એવા સંકેત આપી રહેલ છે કે બજાર એક પ્રતિક્રિયાશીલ (રીએક્ટિવ) મોડમાં છે અને તેથી મહત્વની સપાટી ૪૮૦૦ પર ધ્યાન રાખવું જોઈએ, અને જો ૪૮૦૦ નીચે બંધ આપે તો તે નબળાઈનો પ્રથમ સંકેત હશે. નિફ્ટીની ટેકાની સપાટી ૪૬૭૩ થી ૪૪૯૯ છે અને મજબૂત પ્રતિકારક સપાટી ૪૯૧૮ થી ૪૯૯૩ છે.

સપ્તાહ દરમ્યાન બજાર ૪૮૦૦ ની મહત્વની સપાટી ઉપર રહેવાની કાળજી સાથે ફલેટ ટ્રેડ થયું અને સાપ્તાહિક

### બજારનો રિવ્યૂ



પ્રકાશ ગાબા
મો. ૯૩૨૨૨૧૦૯૦૭
prakashgaba@hotmail.com
http://www.prakashgaba.com

ઉચ્ચતમ સપાટી ૪૯૯૨ રચાઈ.

ટેકનીકલી સપ્તાહ માટે જે બાર રચાયેલ છે તે હકારાત્મક બાર છે કે જે ૫૧૦૦ થી ૫૧૫૦ ની આસપાસ વેચવાલીના દબાણ સાથે આગળ આવશે, પરંતુ હો તો નબળાઈના પહેલા સંકેત માટે મારી નજર ૪૮૫૦ની મહત્વની સપાટી તરફ જ રાખી રહેલ છું.

નિફટી માટેની ટેકાની સપાટી ૪૮૫૦અને મજબૂત પ્રતિકારક સપાટી ૪૯૯૩-૫૦૬૮-૫૧૨૫ છે.

સેન્સેક્ષનો ટેકો ૧૬૧૫૦ છે. જયારે મજબૂત પ્રતિકારક સપાટી ૧૬૭૧૫-૧૬૯૬૪ છે.

ટ્રેડીંગની દ્રષ્ટિએ જયાં સુધી ૪૬૫૦ની સપાટી પર બજાર ટકી રહે ત્યાં સુધી હું ખરીદી કરીને વેપાર કરવાની ભલામણ કરું.

# પ્રશ્નોતરી

**પ્રશ્ન અને જવાબ**

**૧. જો શેરનો ભાવ ટૂંકા ગાળાની સરાસરી કરતાં નીચે હોય અને મધ્યમ ગાળાની સરાસરી કરતાં ઉપર હોય તો ટેકાની ૧ અને ૨ સપાટી, તેમ જ પ્રતિકારક ૧ અને ૨ સપાટી કઈ હોઈ શકે ?**

**જવાબ** સપોર્ટ -૧ : અગાઉના બારની નીચે સપાટી

સપોર્ટ -૨ : મધ્યમ ગાળાની સરાસરી

### ટ્રેડર્સ માટે ટેકનીકલ એનાલીસીસ



સંજય લાડ
મો. ૯૮૨૦૯૨૦૫૩૦

પ્રતિકારક સપાટી ૧: ટૂંકા ગાળાની સરાસરી

પ્રતિકારક સપાટી ૨ : અગાઉના બારની ઉચ્ચતમ સપાટી

**૨. જો શેરના ભાવ સાપ્તાહીક ચાર્ટ પર તેની ટૂંકાગાળાની સરાસરી નજીક હોય અને એમ એ સી ડી તેની સરાસરી ઉપર હોય અને હકારાત્મક હોય તો શું કરવું ?**

**જવાબ** ખરીદી કરવી

**૩. જો ઈન્ટ્રાડે દરમિયાન બજારમાં વેચવાલી શરુ થાય તો શું કરવું ?**

**જવાબ** એક કલાકના ચાર્ટ પર જે શેરની એમ એ સી ડી તેની સરાસરી નીચે હોય તેવો શેર પસંદ કરો અને તેની ટૂંકા ગાળાની સરાસરી નજીક શોર્ટ સેલ કરવાનો પ્રયત્ન કરો.

**૪. માત્ર રીલેટીવ સ્ટ્રેન્થ ઈન્ડેક્ષના આધારે કોઈ પોઝીશન લઈ શકાય ખરી રે ?**

**જવાબ** ના, આર એસ આઈ ઓવર બોટ અથવા તો ઓવર સોલ્ડ રીજીઅન જ દર્શાવે છે, જો આપણે માત્ર આર એસ આઈ ના આધારે જ કોઈ પોઝીશન લઈએ તો તે ખૂબ જોખમી બની શકે. જો આપણે પોઝીશન એમ એ સી ડી અને આર એસ આઈ, બેનેને ધ્યાનમાં રાખીને લઈએ તો તે કન્ફર્મ થાય.

**૫. એમ એ સી ડી શું દર્શાવે છે ?**

**જવાબ** એમ એ સી ડી રૂખ ઉપરાંત ઓવર બોટ અને ઓવર સોલ્ડ પોઝીશન દર્શાવે છે.

**૬. બજારમાં હકારાત્મક વળાંક કઈ રીતે સૂચવાય છે ?**

**જવાબ** જો શેરના ભાવ નવી નીચી સપાટી દર્શાવે પરંતુ એમ એ સી ડી નવી નીચી સપાટી બનાવવામાં નિષ્ફળ નિવડે તો તે હકારાત્મક વળાંકનું (ડાયવર્ઝનનું) સૂચક છે.

**અનુસંધાન ૨ પાને**

**તેજી હોય કે મંદી,સોનાની ખાણ જેવા ફંડામેન્ટલ મજબૂત શેરોની એટલે કે**

**MIDCAP - MULTI BAGGER ટીપ્સ**

**માટે સાચા અને શાણા રોકાણકારો તાત્કાલિક ૦૯૯૨૫૦૦૨૬૧૯ પર સંપર્ક કરો અથવા તો log on**

**www.theeagleinvestor.co.in**



### ખટ્ટા-મીઠા સટ્ટા

- નિશેષ જાની (મો) ૦૯૩૭૬૮૫૮૨૮૪, ૦૯૩૭૭૦૦૮૭૦૮

**નમસ્કાર મિત્રો,**

**વિતેલા સપ્તાહના છેલ્લા ટ્રેડીંગ દિવસે નાણાંમંત્રી એ બજેટ પ્રસ્તુત કર્યું જેનું હકારાત્મકરીતે લઈને બજારોએ ઈન્ટ્રાડે માં ૩૦૦ પોઈન્ટનો ઉછાળો આપીને છેલ્લા માત્ર ૨૦૦ પોઈન્ટ ઉપર બંધ રહ્યું હતું. આપણે આવતા સપ્તાહમાં ટ્રેડીંગ કરી શકાય તેવા શેરો પર નજર નાખીએ.**

**આગામી સપ્તાહે નીચેના શેરોમાં ધ્યાન રાખી શકાય.**

**રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ :-** ભારતીય શેર બજારની સૌથી મોટી આ કંપનીમાં ૧૦૦૦ના ભાવ ઉપર લેણ કરીને ૯૯૦ના સ્ટોપલોસ સાથે કામ કરવું. ઉપરમાં ૧૦૨૫, ૧૦૫૫ અને ૧૦૯૦નો ટાર્ગેટ ધ્યાનમાં રાખવો.

**કિંગફિશર એરલાઈન :-** એરલાઈન્સ શેરોમાં મજબૂતાઈનું વલણ જારી રહેશે. બજેટમાં આવેલ ઈંધણના ભાવ વધારાની તત્કાલિક અસર જોવા મળે તેવું લાગતું નથી. આ શેરમાં ૪૮ ના સ્ટોપલોસ સાથે ૫૫નો ટાર્ગેટ ધ્યાનમાં રાખી શકાય.

**થિંક સોફ્ટ :-**પ્રથમ સળંગ ઉપરની અને પછી નીચેની અને ફરી ઉપરની ૧ સર્કિટ માર્યા બાદ હજુ આ શેરમાં થોડો દમ લાગે છે. ૨૨૧નો સ્ટોપલોસ રાખીને રૂા. ૩૦૦ના ટાર્ગેટ માટે લાંબી પોઝીશન રાખી શકાય.

**નિફ્ટી ફ્યુચર :-** ૪૭૦૦ના સ્ટ્રાઈક ભાવવાળો નિફ્ટી નો પુટ ઓપ્શન લેવો. આવતા સપ્તાહના પ્રથમ બે ત્રણ દિવસો નરમ રહી શકે તો તેનો લાભ લઈ શકાય. પરંતુ જો નિફ્ટી ૫૦૨૫ વટાવે તો સ્ટોપલોસ ચુસ્ત રાખવો.

# શેર બજાર ટૂંકાગાળામાં બોટમ બનાવી લેશે

**શરદ કોટક**

# બજેટની રાહ જોઈ રહેલું નાણું હવે બજારોમાં આવશે

**ફન્ડામેન્ટલ સ્ટોક ભલામણ :**
**ઈલેક્ટ્રોસ્ટીલ કાસ્ટીંગ**
**ચાલુ ભાવ : ૪૫**
**ટાર્ગેટ ભાવ : ૧૦૦**

આ કંપની ભારતની સૌથી મોટી અને વિશ્વની જૂજ ડકટાઈલ આયર્ન પાઈપનું ઉત્પાદન કરતી કંપની છે. આ કંપનીના ઉત્પાદનો પાણી પુરવઠા તેમજ અગ્નિશમન સાધનોમાં વપરાય છે.

આ કંપની સંપૂર્ણ રીતે "બેકવર્ડ ઈન્ટિગ્રેશન" ધરાવે છે. જેમાં

(૧) પીગ આયર્ન પ્લાન્ટ(સ્ટીલ માઈનીંગ અધિકારો) (૨) સીન્ટર પ્લાન્ટ (૩)કેપ્ટીવ પાવર પ્લાન્ટ (કોલ માઈનીગ ના અધિકારો)

આ કંપની પાસે આયર્ન ઓર અને કોલસાની ખાણ માટેના અધિકારો છે કેજે કંપનીને આવનાર સમયમાં કાચો માલ પુરો પાડવામાં અને નફાશક્તિ વધારવામાં લાભદાયક થઈ શકે છે.

આપણા દેશમાં ૨૫ ટકા ગ્રામીણ અને ૯ ટકા શહેરી વસ્તીને પાઈપ પુરવઠાનો અભાવ છે. આમ, આ જનસંધ્યાને પાણી પુરવઠો પહોંચાડવા માટે ભારત સરકારે૧૭૬૩૦૬ કરોડનું રોકાણ ફાળવ્યું છે જેમાં પાણી પુરવઠા અને સિંચાઈ માધ્યમોનો સમાવેશ થાય છે.આ રોકાણનો સમાવેશ ૧૦માં પંચવર્ષીય યોજના હેઠળ વિવિધ યોજનાઓમાં સમાવેશ થાય છે.

(૧) એકસીલરેટેડ રૂરલ વોટર સપ્લાય પ્રોગ્રામ

(૨) પ્રધાનમંત્ર ગ્રામોદ્યોગ યોજના

આમ કંપની પાસે પાણી પુરવઠા ક્ષેત્રે પાઈપ્સના વેચાણ માટે સારી એવી તક છે. ઉપરાંત કંપની પાસે સ્ટીલ અને કોલસાની ખાણો માટેના અધિકારો હોવાથીપણ ઉત્પાદન પ્રક્રિયામાં અને નફાશક્તિમાં વધારવામાં સ્પર્ધકોને હંફાવવામાં, સારો લાભ રહેશે.

કંપનીની બુકવેલ્યુ ૪૫ રૂા. છે અને પીઈ રેશિયો ૧૦ નો છે. કે જે યોગ્ય લાગે છે.

ઘણી વાર એવું થાય છે કે કંપનીનો શેર સસ્તા વેલ્યુએશન પર ચાલે છે તેના ઘણા કારણો હોઈ શકે છે, જેમાં ઓછી નફાશક્તિ, અયોગ્ય મેનેજમેન્ટ, બાહ્યાકર્ષક આપણે જોઈએ કેઈલેક્ટ્રો સ્ટીલ કાસ્ટિંગમાં કેમ છે? ઉદ્યોગ વગેરે.

છેલ્લા ૫ વર્ષના વેચાણ વિકાસ - ૨૭ ટકા, છેલ્લા પાંચ વર્ષનો નફામાં વૃદ્ધિ- ૧૭ ટકા, છેલ્લા પાંચ વર્ષનો ડીવીડન્ડ પેઆઉટ રેશિયો - ૩૩ ટકા.

આમ આ કંપની પાસે વેચાણ અને નફામાં સારો વિકાસ દર દર્શાવ્યો છે. ઉપરાંત મેનેજમેન્ટે સારો ડિવિડન્ડ નો રેકોર્ડ પણ દર્શાવ્યો છે અને છેલ્લા વર્ષે બોનસ શેર આપીને સારા કેશ ફલો અને એકાઉન્ટિંગનું પ્રદર્શન કર્યું છે.

**પેનિક એન્ડ પ્રોફીટ**



**નિશેષ એમ. જાની**
**મો.**
**૯૩૭૬૮૫૮૨૮૪**
**૯૩૭૭૦૦૮૭૦૮**

ઉપરાંત મેનેજમેન્ટ દ્વારા સ્ટીલ અને કોલસાની ખાણોના અધિકારો પ્રાપ્ત કરીને "બેકવર્ડ ઈન્ટિગ્રેશન" માટે ઉત્તમ પગલું ભર્યું છે. કે જે મેનેજમેન્ટની કુશળતા દર્શાવે છે.

આમ ઉપરોક્ત બાબતો જોતા શેર સસ્તા વેલ્યુએશન પર મળી રહ્યો છે અને વધારે વેલ્યુએશન મળવું જોઈએ. માટે અમે ખરીદવાની ભલામણ સાથે રૂા. ૧૦૦નો ટાર્ગેટ આપીએ છીએ.

**સૌથી મોટી જે રોકાણકારો દ્વારા ભૂલ કરવામાં આવે છે તે એ કે તેઓ ટેકનીકલ ટ્રેડરની જેમ વર્તે છે તેઓ બજાર વધે છે ત્યારે જ ખરીદે છે,જ્યારે કે બજારોમાં દબાણ અને ઘટાડો હોય એ જ રોકાણ માટેનો ઉત્તમ સમય હોય છે. બજારો ઘટ્યા હોય ત્યારે તેઓ "વધારે ઘટશે તો" એવો ડર રાખે છે પરંતુ બજારો વધતા હોય ત્યારે "ઘટશે" તેવું નથી વિચારતા**

**મ્યુચ્યુઅલ ફંડ ભલામણ :**
**યુટીઆઈ કોન્ટ્રા ફંડ**
**ભલામણ : ન ખરીદવો**

**કારણ :** આ ફંડ દ્વારા સતત સારુ વળતર આપવામાં નિષ્ફળ રહ્યું છે અને તેના બેન્ચમાર્ક ઈન્ડેક્ષને પણ અન્ડરપર્ફોર્મ કરે છે.

**બજારો માટેનો સાપ્તાહિક વ્યૂહ :**
ટેકાની સપાટી : ૪૭૫૦
પ્રતિકારક સપાટી : ૫૦૬૦/ ૫૧૫૦/૫૨૦૦

**૧. ટેકનીકલ એનાલિસીસ પ્રમાણે :** બજેટમાંથી અત્યંત આશાસ્પદ સમાચારો મળ્યા છે. આપણે કહેતા આવ્યા છે કે બજેટ સુધી બજારોમાં ૧૫૩૦૦નું લેવલ પકડી રાખવું જરુરી છે. અને તેવું થઈ શક્યુ છે. હવે આ સુધારો અને મજબૂતી જારી રાખવા માટે આપણે ૧૭૦૨૫નો ગેપ પુરવો જરુરી છે. જો આપણે આ ગેપ પુરો કરવામાં અસફળ રહીયે છીએ તો બજારો પર દબાણ આવતું જોઈશું. આમ એકંદરે બજારો ૧૬૦૦૦ અને૧૭૦૦૦ વચ્ચે કન્સોલીડેટ થતા જોવા મળી શકે છે અને આમ ચોથા ત્રિમાસીક ગાળાના પરિણામો સુધી થઈ શકે છે.

આશાસ્પદ રીતે જો આ ગેપ ટૂંકા સમયમાં ભરી લઈએ તો વેવ બંધારણ મુજબ ટૂંકાગાળામાં 'એ-બી-બી કોમન ફલેટ', ટેકનીકલ પેટર્ન અને પહેલો ટાર્ગેટ ૧૯૩૦૦ અને ૧૯૬૦૦ ત્યાર બાદ ૨૨૦૦૦ સુધી નો ટાર્ગેટ આવનાર ૨૦ સપ્તાહમાં શક્ય બની શકે છે.

વેવ થિયરી મુજબ પ્રથમ વેવ તબક્કો શરુઆતના ટ્રેડર અને કન્ટ્રેરિયન રોકાણ વ્યૂહ દ્વારા બને છે.

જ્યારે કરેક્શન વાળોબીજો વેવ પુરો થયો છે અને ત્રીજો વેવ શરુ થયો છે. જે પ્રથમ વેવને ક્રોસ કરે છે. ત્યારે આ તબક્કો ઉપરોક્ત સમજ્યા મુજબ પ્રથમ વેવમાં પ્રવેશીને નીકળી ગયેલા શરુઆતના ટ્રેડર અને કન્ટ્રીરિયન ઈન્વેસ્ટરોનું ધ્યાન ખેંચે છે. કે જેઓ બીજા વેવના કરેક્શનમાં નીકળી શક્યા નહીં. હવે આ વેવના ત્રીજા બજારો વધવાને બજારોની તેજી વધારે વિશ્વાસ આવવાથી આ સમયે ભાવો અને વોલ્યુમ બંને વધારે ઝડપથી વધે છે. જેઓ બીજા વેવમાં એન્ટર થવાનું ચુકી ગયા હતા અને પ્રથમ વેવ માં એન્ટર થયા હતા તેઓ વધારે આક્રમક બનવાથી થિયરીની ધારણા પ્રમાણે આ વેવ વધારે સ્ફોટક બનાવા પામે છે.

એકવાર આપણે ૧૯૩૦૦- ૧૯૬૦૦ના લેવલ પર પહોંચીએ ત્યારે એક પ્રકારનું પ્રોફીટ બુકિંગ જોઈ શકીએ છીએ. કે જે શરુઆતના ટ્રેડર અને ઈન્વેસ્ટરો કે જે અગાઉ જણાવ્યા મુજબ પ્રથમ વેવમાં એન્ટર થયા હતા તેના કારણે આવશે. પરંતુ આ કરેક્શન વધુમાં વધુ ૧૭૯૦૦ અને ૧૭૫૦૦ સુધી સીમીત રહેશે. ત્યારબાદ આ કરેક્શનનો અંત આવે ત્યારે આપણે પાંચમાં અને અત્યંત સ્ફોટક વેવ તબક્કામાં પ્રવેશીશું. કે જેમાં ટાર્ગેટ ૨૨૦૦૦ સુધીના બેસે છે. કે જે ૨૦ સપ્તાહનો વ્યૂહ માં બધુ થઈ શકે છે.

આમ એક વાત સ્પષ્ટ છે કે ટેકનીકલ થિયરી પ્રમાણે (અગાઉ પાંચ અલગ અલગ થિયરી પ્રમાણે પણ ૨ સપ્તાહ અગાઉ આપણે એનાલિસીસ આપેલું) ૧૫૩૦૦ ના મજબૂત સપોર્ટ સાથે ડાઉનસાઈડ સુરક્ષિત છે.

**(૨) ફંડામેન્ટલ એનાલિસીસ પ્રમાણે :** હવે બજેટ બાદએક વાત સ્પષ્ટ છે કે સરકાર માઈક્રો ઈકોનોમી ઉપર ધ્યાન કેન્દ્રિતકરી રહી છે અને બજેટમાં પણ સાર પગલાઓ લેવામાં આવ્યા છે. અને ફંડામેન્ટલી કોઈ જ સમસ્યા નથી.

આપણે અગાઉ પણ જણાવ્યું હતું કે અત્યારે બજેટની રાહમાં ઘણું નાણું બજારોમાં પ્રવેશવા માટે સાઈડલાઈન પર છે અને બજેટમાં કોઈ મોટુ નકારાત્મક સરપ્રાઈઝ નથી આપવામાં આવ્યું. આમ આ નાનું હવે બજારોમાં ઠલવાવું જોઈએ તેમ કહી શકાય. જેમાં મ્યુચ્યુઅલ ફંડ અનો ઈન્સ્યોરન્સ કંપનીઓ મુખ્ય છે.

**ડીસ્કલોઝર :-**નિષેશ જાની અને ફેમિલીનું ઈલેક્ટ્રો સ્ટીલ કાસ્ટિંગના શેરમાં પોર્ટફોલિયોના ૧ ટકા જેટલું રોકાણ છે.

---

**ટેક. એનાલિ. પાન નં. ૧ નું ચાલુ**

**૭. ટૂંકા ગાળામાં સામાન્ય રીતે કયું સંકેતક બજારમાં વળાંક સૂચવે છે (આર એસ આઈ, એમ એ સી ડી)?**

**જવાબ** આર એસ આઈ અને એમ એ સી ડી ની સરખામણીમાં, સામાન્યરીતે આર એસ આઈ ટૂંકા ગાળા માટેનો વળાંક સૂચવે છે. જો કે તે ઉપયોગમાં લેવામાં આવેલ માપદંડ પર પણ આધારિત હોય છે.

**૮. માસીક અને સાપ્તાહિક ચાર્ટ મુજબ શેર તેજીમય છે, પરંતુ તે રોજીંદા ચાર્ટમાં નીચે આવી રહેલ છે. જો તમે તેને પોઝીશનલ ખરીદવા માગો તો દૈનિક ચાર્ટ મુજબ તમે કયા ભાવે ખરીદવા પ્રયત્ન કરશો ?**

**જવાબ** દૈનિક ચાર્ટના મધ્ય ગાળાની સરાસરીની સપાટીની આસપાસ.

**૯. જો શેર ઉર્ધ્વરૂખમાં હોય, જો તમે તેને ટૂંકા ગાળા માટે ખરીદવા ઈચ્છતા હો, તમે બાઈંગ કોલ કેવી રીતે કરશો ?**

**જવાબ** અગાઉના બારની નિમ્નતમ ભાવ સપાટીને સ્ટોપ લોસ બનાવી ટૂંકા ગાળાની સરાસરીની સપાટીએ ખરીદો અને લક્ષાંક ફીબોનેસ્સી પધ્ધતિ મુજબ ગણી કાઢો.

**૧૦. જો એમ એ સી ડી સાપ્તાહિક ચાર્ટ તેની સરાસરી ઉપર હોય અને હકારાત્મક હોય, એક કલાકના ચાર્ટ પર એમ એ સી ડી જોઈને તમે કયારે ખરીદીનું પગલું ભરશો ?**

**જવાબ** જયારે એક કલાકના ચાર્ટ પર એમ એ સી ડી ખરીદીનો સંકેત દર્શાવે અને હકારાત્મક વળાંક દર્શાવે ત્યારે.

---

**પ્રાઈમરી માર્કેટની ખટ્ટી મીઠી પાન નં. ૩ નું ચાલુ**

આ ઈસ્યુ દ્વારા કુલ રૂ. ૩૫૦૦ કરોડ એકત્રીત કરશે.

અગાઉ સેન્ટર દ્વારા આ કંપનીમાં ૫ ટકા શેર ડીવેસ્ટમેન્ટ કરવામાં આવેલ છે જ. અગાઉ સપ્ટેમ્બર ૨૦૦૭ માં આ કંપની તેના ૩૮.૨૦ કરોડ ઈક્વિટી સાથે મૂડી બજારમાં પ્રવેશેલ હતી અને આ દ્વારા રૂ. ૨૯૮૪ એકત્રિત કરેલ હતા. ગત શુક્રવાર તા. ૨૬ ના રોજ આ શેરનો એન એસ ઈ પર બંધ ભાવ રૂ. ૧૦૭.૫૫ હતો.

## ડી કયુ ઈ એ આઈપીઓ પ્લેસમેન્ટ દ્વારા રૂ. ૨૫.૭૦ કરોડ એકઠા કર્યા, સપ્ટેમ્બર માસમાં મૂડીબજારમાં આવશે

એનીમેશન અને ગેમીંગ કંપીની ડી કયુ એન્ટરટેઈનમેન્ટ (ઈન્ટરનેશનલ) લી. દ્વારા આઈપીઓ પ્લેસમેન્ટ માટે ૧.૯૮ કરોડ ના ઈસ્યુ માટે પ્રિ આઈપીઓ પ્લેસમેન્ટ દ્વારા ૨૫.૬૯ કરોડ મેળવેલ છે. આ કંપનીએ સપ્ટેમ્બર માસમાં આઈપીઓ લાવવા માટે સેબી સમક્ષ તેમની દરખાસ્ત રજૂ કરી દીધેલ છે. આ કંપનીનું પોતાનું નિર્માણ, સહ નિર્માણ અને ડીસ્ટ્રીબ્યુશન કરેલ હોય તેવી બ્રાન્ડમાં આયરન મેન, પ્રથમ ૩ ડી ટીવી એનીમેટેડ સીરીઝ, ટ્વીસ્ટેડ વ્હીસકર્સ, કેસ્પર, થર્ડ સેશન ઓફ મીકી માઉસ,કલબહાઉસ વગેરેનો સમાવેશ થાય છે અને હાલમાં તે લીટલ પ્રીન્સ અને લીટલ નીકોલસનું નિર્માણ કરી રહેલ છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા કેપિટલ માર્કેટ આ ઈસ્યુના સોલ એરેન્જર તરીકેની કામગીરી બજાવશે.

# બુલિયન અને એનર્જીમાં ઘટાડે તેજી તરફી રૂખ જોવા મળે

ગયા સપ્તાહમાં વિવિધ કોમોડિટીઝમાં ઘટાડે સપોર્ટ જોવા મળ્યો. સોનામાં ભાવ સપ્તાહ દરમ્યાન દાયરામાં રહ્યા. ઘટાડે નીચેથી લેવાલી જોવા મળી હતી. ડોલરની વધઘટ વચ્ચે ક્રૂડ ઓઈલમાં બંને તરફી ચાલ જોવા મળી હતી. સપ્તાહના અંતે ડોલર નબળો પડતા ક્રૂડમાં ફરી ઉછાળો જોવા મળ્યો. ફેડ ચેરમેન બર્નીક નીચા વ્યાજના દરની નીતિને હજુ લાંબો સમય સુધી ચાલુ રાખવી પડશે તેમ જણાવતા ક્રૂડમાં નીચેથી સપોર્ટ જોવા મળ્યો. ૨૦૦૯માં અમેરિકાની ક્રૂડ ઓઈલની માંગ ૧૦ વરસના તળિયે રહી હતી જે અંદાજે પ્રતિદિવસ ૭.૪ ટકા જેટલી ઘટી હતી.બેઝ મેટલમાં બંને તરફી વધ ઘટે સુધારો જોવા મળ્યો.

**એનર્જી :**

**ક્રૂડનો ક્યાસ :** આંતરરાષ્ટ્રીય ક્રૂડમાં ૭૫.૫૦ ડોલર પર સપોર્ટ છે. ઉપરમાં ૮૨.૪૦ ડોલર જોવા મળે. એમસીએક્સમાં નીચેમાં ૩૫૯૨- ૩૫૫૫ નો સપોર્ટ છે. ઉપરમાં ૩૭૨૭ નો ભાવ ધ્યાનમાં લેવો. જ્યાં તેની ઉપર બંધ આપતા ૩૭૭૨ થી ૩૮૧૨નું લેવલ જોવા મળે. નીચેમાં મંદી અટકી છે. ઘટાડે સપોર્ટ ધ્યાનમાં લઈને લેણ કરાય.

**નેચરલ ગેસ :** નેચરલ ગેસમાં ઘટાડે ૨૧૮નો સપોર્ટ ધ્યાનમાં રાખવો. જે તૂટતાં ઘટાડો જોવા મળે. ઉપરમાં ૨૨૫ની ઉપર જતા ૨૩૧ નું લેવલ જોવા મળે. અમેરિકામાં એવરેજ સ્ટોક પાંચ વરસની સરખામણીએ ૦.૭ ટકા છે પણ ગયા વરસની સરખામણીએ

**હોટ કોમોડીટીઝ**



**પ્રતિક સોની**
**મો.**
**૯૫૩૭૨૦૧૯૭૭**

૨.૯ ટકા ઓછો છે. ધ્યાન ઘટાડે લેવાનું છે.

**તાંબામાં ટેકનીકલ લેવલ :** તાંબામાં બંને તરફીરેન્જ જોવા મળે. જાપાનમાં ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન વધતા નીચેથી તેજી જોવા મળી.ઘટાડે ૩૨૭ સપોર્ટ છે. ઉપરમાં ૩૩૬થી ૩૪૨ નું લેવલ જણાય. ઉપરમાં ૩૫૧ની પ્રતિકારક સપાટી છે. બંને તરફી વધઘટ નીચે સપોર્ટ થી લઈને ઉપરમાં વેચાય. તેમજ વધતા ૩૪૫ થી ૩૪૮ આસપાસ ૩૫૧ના સ્ટોપલોસથી વેચી વેપાર કરાય.

**સોનાની સ્ટ્રેટેજી :** આંતર રાષ્ટ્રીય સોનામાં નીચેથી ઘટાડો અટક્યો છે. ૧૦૮૦ ડોલર મહત્ત્વ સપોર્ટ લેવલ છે. ઉપરમાં ૧૧૨૭થી ૧૧૩૫ ડોલર જોવામળે. ટૂંકાગાળામાં રુખ તેજી તરફી છે. ૧૦૮૦ ડોલરથી ૧૧૪૦ ડોલરની ટ્રેડીંગ રેન્જ છે. ૧૧૪૦ ડોલરની ઉપર બંધ આપતા ૧૧૫૬ ડોલર સુધીની રેન્જ ખુલે. એમસીએક્સ માં ૧૬૪૦૦ના લેવલ પર સપોર્ટ છે. ઘટાડે ૧૬૪૦૦ના સ્ટોપલોસ થી લેણ કરાય. ઉપરમાં ૧૬૮૦૦ થી ૧૬૯૬૫નું લેવલ જોવા મળે. જ્યાં ટુંકાગાળાની ૧૭૦૧૫ ની પ્રતિકારક સપાટી છે જો તોડે તો વધારો ૧૭૧૨૫ થી ૧૭૨૦૦ ના ભાવ દાખવી શકે.

**ચાંદીની ચાલ :** આંતરરાષ્ટ્રીય ચાંદીમાં ૧૫.૬૦ ડોલર પર સપોર્ટ લેવલ છે. ઉપરમાં ૧૬.૮૦ ડોલર જોવામળે. જ્યાં ૧૬.૯૬ ડોલરની ઉપર જતા ઝડપી તેજી તરફી ૧૭.૫૦ થી ૧૭.૮૦ ડોલરનો ભાવ આગામી સમયમાં જોવા મળી શકે. એમસીએક્સ ચાંદીમાં ૨૪૮૦૦ પર મહત્ત્વનો સપોર્ટ છે. ઉપરમાં ૨૬૩૦૦થી ૨૬૭૦૦નું લેવલ જોવા મળે. ટૂંકાગાળા માં મોટી રેન્જ ૨૪૮૦૦ થી ૨૭૦૦૦ માં અથડાય.

# શું ભારતીય નાણું અમેરીકન ડોલર કરતાં આગળ વધશે ???

સૌ પ્રથમ તો જેઓ દર સપ્તાહે મારા આ આંકમાં આવેલ લેખો વાંચે છે અને મારા લેખ જેમને ગમે તેવા આપ સૌને ખુશીમય અને રંગોની હોળીની મુબારકબાદી આપું છું. આ વખતે હું ભારતીય રૂપિયા માટે કંઈ ક અલગ જ લખવા માટે હિંમત કરી રહેલ છું. મને આશા છે કે બીજા લેખોની જેમ આ લેખ પણ ઐતિહાસીક બની રહેશે. મારી આગ્રહભરી ભલામણ છે કે તમે તમારા રેકર્ડ માટે આ લેખની કોપી અવશ્ય રાખી મૂકજો.

આર્થિક ભવિષ્યવેત્તા તરીકે અમને અપેક્ષા છે કે રૂપીયો અને રેન્મીન્બી (ચીની ચલણી નાણું) એવી જગ્યા લેનાર છે કે જેને બીજા દેશો અનામત તરીકે રાખશે.

આર્થિક ભવિષ્યકથન મુજબ ચીન અને ભારતનું ચલણી નાણું થોડા સમયમાં જ કન્વર્ટેબલ કરન્સી તરીકે સ્થાન લઈ લેશે. ભારતીય રૂપિયો ખુબ ટૂંકા સમયમાં જ એક સીમ્બોલ મેળવશે અને ૨૦૧૨-૨૦૧૩ સુધીમાં ઈન્ટરનેશનલ સ્ટેટસ પ્રાપ્ત કરશે. હું એક



**કરૂણા જૈન**
**મો.**
**૦૯૯૨૯૧૧૮૭૦૦**
**www.majormoney.in**

બાબત ઉમેરીશ કે પછીની ઈન્ટરનેશનલ કરન્સી રેન્મીન્બી હશે. પણ તે ત્યારે બનશે કે જયારે તેઓ તેને કન્વર્ટીબીલીટી સ્વીકારશે અને લીન્ક આપશે. હુંએમ પણ મંતવ્ય ધરાવું છુંકે રૂપિયો પણ આ ઈન્ટરનેશનલ અનામત ચલણીનાણાંની બાસ્કેટમાં સ્થાન પામશે, પણ એ ત્યારે બનશે જયારે આપણે ફુલ કન્વર્ટીબીલીટી માન્ય કરીશું.

આર્થિક ભવિષ્યકથન મુજબ શનિ ભારતીય અર્થતંત્ર અને નાણાકીય સંપત્તિ માટે ચાવી રૂપ ભૂમિકા ભજવી રહેલ છે. જયારે ગુરુ પણ ભારતીય બેંકીંગ અને નાણાકીય સિસ્ટમમાં હકારાત્મક ભૂમિકા ભજવી રહેલ છે. ૨૦૧૨-૨૦૧૩ માં આ બંને ગ્રહો ભારતીય કુંડળી મુજબ ખૂબ જ ફાયદાકારક રહેશે.

હાલમાં યુ એસ ડોલર સામે ભારતીય રૂપીયો લગભગ રૂ. ૪૬ની આસપાસ ફરી રહેલ છે અને ઘણા સમયથી તે ડોલર સામે મજબુત બની રહેલ છે. હવે આર્થિક ભવિષ્યકથન મુજબ આવનાર થોડા સપ્તાહોમાં જ ડોલર સામે રૂપિયો ૩ થી ૫ ટકા જેટલો ઘટી શકે છે. હાલમાં આ ગ્રહો ડોલર સામે રૂપિયાની વૃધ્ધિને કોઈ અનુમોદન આપતા નથી. આની અસરો ભારતીય શેર બજાર ઉપર પણ જોઈ શકાશે.

---

**ગોલ્ડ માઈન પાન નં. ૧ નું ચાલુ**

૧૫ કરોડનો નફો બતાવ્યો તથા ૩૧- ૧૨-૦૯ના કવાર્ટરમાં ૪૦૦ ટકાનો નફામાં ઉછાળો બતાવી ૨૦ કરોડનો નફો બતાવ્યો છે. ફક્ત ૩ ના પીઈથી આ શેર મળે છે.

આ ભાવે અચુક લેવાય.

**૪. પી-સી કોસ્મો**

**બીએસઈ કોડ. ૫૨૪૧૩૬** થી બીએસઈ ખાતે લીસ્ટેડ ૧ કરોડની સાવ નાની શેરમૂડી ધરાવતી આ કંપનીએ ૩૦-૧૨-૦૯ના નવ મહિનામાં નફામાં ૮૩૨ નો ઉછાળો બતાવી ૪૦ રૂા.ની ઈપીએસ બતાવી છે. આમે ફક્ત ૧.૩ના પીઈથી મળતો રેગ્યુલર ડીવીડન્ડ ચૂકવતો ૫૦માં મળતો આ શેર અચુક લેવાય.

**૫. પેન્નાર ઈન્ડસ્ટ્રીઝ**

**બીએસઈ કોડ. ૫૧૩૨૨૮** થી બીએસઈ ખાતે લીસ્ટેડ રૂા. ૩૬ માં મળતો આ શેર અચુક લેવાય.

(૧) પ્રિ- એન્જિનિયર્ડ બીલ્ડીંગ (પીઈબી) સેકટર ભારતમાં ખૂબ ઝડપી કરે છે. ભવિષ્યમાં કરશે અને ભવિષ્યમાં કન્સ્ટ્રકશન સેક્ટર માં ધરમૂળથી ફેરફાર લાવશે.

(૨) પેન્નાર ઈન્ડ. આ ક્ષેત્રની સૌથી પ્રતિષ્ઠિત કંપની છે. કંપનીએ એનસીએલ બિલ્ડીંગ સીસ્ટમ સાથે કરાર કર્યા છે. અને આ માટે હૈદ્રાબાદની નજીક ૧૫૦ કરોડના ખર્ચે પ્લાન્ટ ઊભો કર્યો છે.

(૩) ૨૦૦૯-૨૦૧૦માં આ ડીપાર્ટમેન્ટ ૫૦ કરોડનું અને આ કંપનીના બીજા યુનિટો અને ફેક્ટરીઓનું ભેગુ વેચાણ ૨૦૧૦-૨૦૧૧માં ૧૧૦૦ કરોડનો અંદાજ છે.

કંપની રેલ્વે માટે પણ કામ કરે છે. ખૂબ સુંદર કંપની છે. ૫ રૂા.નો ૩૫માં મળતો આ શેર અચુક લેવાય.

**૬. જીએનએફસી**

ગુજરાત નર્મદા ફર્ટીલાઈઝર્સનો ૧૦૮માં મળતો આ શેર ભવિષ્યનો સુપર સ્ટાર છે.

(૧ ) આ કંપની ફર્ટીલાઈઝર્સ કંપની નથી પણ ભવિષ્યની ઈન્ડિયાની સૌથી મોટી કેમિકલ કંપની બનશે.

(૨) ગુજરાત સરકારની બ્લુચીપ કંપનીઓમાં એનું મોટું રોકાણ છે. (૩) કંપનીની હાલ ઈપીએસ ૧૬ થી૧૭ છે. જે ભવિષ્યમાં ખૂબ વધી શકે એવું આયોજન છે.

(૪) રિલાયન્સ અને મોટા ઔદ્યોગિક ગ્રુહો આ કંપની ટેકઓવર કરવા પ્રયત્નશીલ છે. પણ કંપનીની સેકન્ડ પોઝીશન જોતાં ગુજરાત સરકાર આ માટે તૈયાર નથી.

બે વર્ષની ધીરજ રાખનારને અચુક આ શેર લેવો. અથવા જે પહેલી વખત શેર બજારમાં એન્ટ્રી લે છે તેમણે નાની માત્રામાં અચુક લેવો.

**ગમે તેવા માર્કેટમાં નફો કરો**
**ફાઈનાન્શિયલ એસ્ટ્રોલોજી દ્વારા ટૂંકો કોર્ષ**
(દર રવિવારે ૨ મહિનાનો ઓનલાઈન કોર્ષ:
**કર્નલ અજય દ્વારા**
(CEO astromoneyguru.com)
જાણીતા નાણાંકીય જ્યોતિષી જેઓ બ્લુમબર્ગ ટીવી, ઝી બિઝનેસ, સીએનબીસી અને નાણાંકીય સાપ્તાહિકના કટાર લેખક પણ છે અને તેઓ વેબસાઈટ 'ધી ઈકોનોમિક રેવલ્યૂશન ની વેબસાઈટ' પર પણ ઉપલબ્ધ છે.
**ફોન નં. 0141-2568292,**
**09414056705, 09887056704**

**શેરબજારની સચોટ ભવિષ્યવાણી, અમારા લેખક શ્રી સતિષ ગુપ્તા દ્વારા**

અમારા લેખક અને પ્રસિધ્ધ શેરબજાર ભવિષ્યવેત્તા શ્રી સતિષ ગુપ્તા દ્વારા અગાઉના અંકમાં આગાહી કરવામાં આવેલ કે બજારમાં અનિશ્ચિતતાના વાતાવરણ છતાં બજેટના દિવસે શેર બજાર સકારાત્મકતા સાથે ખૂલશે અને દિવસ દરમિયાન વધુ ને વધુ મજબૂતાઈ દર્શાવશે.

તેઓશ્રીએ એમ પણ જણાવેલ કે નાણાકીય તેમ જ બેંકીંગ સેકટર પણ સારો દેખાવ કરશે.

તેમની આ ભવિષ્યવાણી ખૂબ જ સાચી પુરવાર થયેલ છે અને નિફટીમાં તો ૧૦૦ પોઈન્ટની વૃધ્ધિ નોંધાયેલ છે. મોટા ભાગના નાણાકીય શેરો જેવા કે એલઆઈસી હાઉસીંગ, આઈડીએફસી, આઈએફસીઆઈ, રિલાયન્સ કેપિટલ વગેરેમાં પણ ૬ થી ૧૦ ટકા જેટલી વૃધ્ધિ જોવા મળેલ છે.

# સંતુલીત, બજારને સાનૂકૂળ બજેટ

**તા. ૨૭.૦૨.૨૦૧૦**

### શોર્ટ કવરીંગ રેલી

નાણાં મંત્રીશ્રીએ રજૂ કરેલ બજેટ તે માત્ર વિકાસ મુખી જ નહતું, પરંતુ આર્થિક સુધારાઓથી ભરપૂર અને સાથે સાથે નાણાકીય ખાધ ઘટાવતું પણ હતું. બજેટને કારણે બજારમાં અનંત ખૂશી વ્યાપી ગઈ અને બજાર સેન્સેક્ષમાં ૧૭૫ પોઈન્ટની વૃધ્ધિ સાથે બંધ આવ્યું. આ એવા સમયે બનવા પામેલ છે કે જ્યારે બજારમાં અપેક્ષાઓ ખૂબ જ ઓછી હતી અને બજેટ ખૂબ સાનુકૂળ લાગ્યું. એક દિવસ અગાઉ ફેબ્રુઆરી સીરીઝની એક્ષપાટરી હતી અને ઘણાય છૂટક વ્યાપારીઓ તેમ જ એચ એન આઈએ તેમની પોઝીશન પછીના માસ માટે રોલઓવર કરેલ ન હતી. પરિણામ સ્વરૂપ જે પોઝીશન માર્ચ સીરીઝમાં રોલ ઓવર થઈ છે તેમાંનો મોટા ભાગની શોર્ટ સાઈડની છે કે જેના ભાટે ભાવ હજુ ઓછા થશે તેવી ધારણા હતી. જે રીતે બજેટે હકારાત્મક આંચકો આપ્યો, તો શોર્ટ પોઝીશનને કવર કરવા માટે બજારમાં દોડ લાગી જેને કારણે નિફ્ટી બીજા પુલબેકની સપાટી લગભગ ૪૯૯૨ આસપાસ આવી ગયો. લાંબો વીક એન્ડ હોવાને કારણે બજારે દૈનિક નીચે બંધ આપ્યો અને ફરી એક વખત આપણે વૈશ્વિક રૂખ મુજબ ચાલતા બજારો માટે તૈયાર થવું પડશે.

### બજેટમાં નાણા પ્રધાનશ્રીએ ખુબ સારું સંતુલન જાળવ્યું

બજાર બજેટ પાસે ખૂબ જ ઓછી અપેક્ષાઓ સાથે ચાલી રહેલ હતું અને તેવા સમયે નાણા પ્રધાનશ્રી પ્રણવ મુખરજી દ્વારા રજૂ કરવામાં આવેલ બજાર હકારાત્મક તેમ જ સુધારાવાદી હોવાને કારણે બજારને બળેલ સુખદ આંચકાએ બજારને ઉર્ધ્વગતિ દાખવવા માટે મદદ પુરી પાડી.

● જ્યારે નાણામંત્રીશ્રીએ વિત્તકીય ખાધને પહોંચી વળવા માટેને રોડમેપ દર્શાવ્યો ત્યારે બજાર ખુશીથી ઝુમી ઉઠયું. તેઓ ના.વ.૨૦૧૧માં જીડીપી ૫.૫ ટકા, ના. વ. ૨૦૧૨માં જીડીપી ૪.૮ ટકા અને ના. વ. ૨૦૧૩માં જીડીપી ૪.૧ ટકા દ્વારા રાજકોશીય ઘટ પુરવા પ્રયત્ન કરશે. મોટી રાજકોષીય ઘટને કારણે યુરોપમાં પીગ્સને મળેલ અસફળતાનો વિચાર કરતાં એફ આઈ આઈ હવે આશા રાખી રહેલ છે કે અહીં આ ઘટને પુરવાનો સ્પષ્ટ રસ્તો દર્શાવવામાં અવોલ છે અને તે મુજબ બનશે જ.

● નાણા પ્રધાનશ્રીએ આવકવેરામાં ઘટાડાની જાહેરાત કરીને મધ્યમ વર્ગને પણ ખૂશીની લહાણી કરી. હવે ૧.૬ લાખની આવક સુધી કોઈ આવકવેરો લાગશે નહીં. ૧.૬૦ લાખથી ૫ લાખ સુધીની આવક માટે ૧૦ ટકા આવકવેરો અને ૫ થી ૮ લાખની આવક માટે ૨૦ ટકા અવાક વેરો , અને ૮ લાખથી ઉપરની આવક માટે ૩૦ ટકા અવાકવેરો લાગશે.

● નાણા પ્રધાનશ્રીએ જ્યારે જાહેર કર્યુ કે એન બી એફ સી પણ બેંકીંગ લાયસન્સ માટે અરજી કરી શકશે ,ત્યારે બજારને સુખદ આશ્ચર્ય લાગ્યું. તેમ જ સરકાર ઈચ્છે છે કે આઈએફસીઆઈને પણ બેંકમાં મર્જ કરવામાં આવે, તેથી હવે લાગે છે કે અનિલ ધીરૂભાઈ અદાણી ગ્રુપ (એ.ડીએજી) તેમનું રિલાયન્સ કેપિટલને બેંકમાં ફેરવવાનું સ્વપ્ન પુર્ણ કરી શકશે.

● આ બજેટને કારણે બહુચર્ચિત રાહત પેકેજ પાછું ખેંચવાની ચર્ચાએ જોર પકડેલ હતું. એક્સાઈજ ડયુટી ૮ ટકાથી વધારીને ૧૦ ટકા કરવામાં આવી, એટલે કે તેમાં ૨ ટકાનો વધારો થયો, તે સાથે મેટમાં પણ ૩ ટકા વધારો થયો. ખાસ કરીને આ એકસાઈજ ડયુટીમાં કરવામાં આવેલ અશતઃ વધારો ટુ વ્હીલર અને ફોર વ્હીલર તેમ જ સીગારેટસ પર અસરકૃત થશે.

● જો કે એનો નાનો ઝટકો એ આપ્યો કે બેઝીક ડયુટી ક્રુડ પેટ્રોલિયમ પર ૫ ટકા, પેટ્રોલ અને ડીઝલ પર ૭ ટકા અને અન્ય રિફાઈન્ડ ઉત્પાદનો પર ૧૦ ટકા કરવામાં આવી. આ સાથે પેટ્રોલ અને ડીઝલ પર લીટરે રૂ. ૧ લેખે સેન્ટ્રલ એક્સાઈઝ ડયુટીમાં પણ વધારો કરવામાં આવ્યો. આ કારણે પેટ્રોલ લીટર દીઠ લગભગ રૂ. ૩ અને ડીઝલ લીટરદીઠ લગભગ રૂ. ૨.૫૦ જેટલું મોંઘું થયું. પરિણામ સ્વરૂપ હવે ફુગાવાનું દબાણ વધશે તે નક્કી થઈ ગયું.

**લાયન રો'ર**

**લાયન**

roar_lion@yahoo.com

### ટેકનીકલ વાત

ગત સપ્તાહે સેન્સેક્ષની શરુઆત ૧૬૧૯૧ પોઈન્ટથી થઈ, આ પછી સેન્સેક્ષે ૧૬૬૬૯ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૧૬૧૬૭ પોઈન્ટની નિમ્ન સપાટી પણ દર્શાવી અને ૧૬૪૨૯ પોઈન્ટ ઉપર સાપ્તાહિક બંધ આપ્યો. સેન્સેક્ષે સાપ્તાહિક ધોરણે માત્ર ૨૩૮ પોઈન્ટની વૃધ્ધિ સાથે સાપ્તાહિક બંધ આપ્યો.

આ જ રીતે નિફ્ટીએ પણ શરૂઆત ૪૮૪૯ પોઈન્ટથી કરી, ૪૯૯૨ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૪૮૩૩ની ની નિમ્ન સપાટી દર્શાવી અને ૪૯૨૨ ઉપર બંધ આપ્યો. નિફ્ટીએ સાપ્તાહિક ધોરણે ૭૮ પોઈન્ટની વૃધ્ધિ સાથે બંધ આપ્યો.

બંને ઈન્ડેક્ષોએ સાપ્તાહિક ચાર્ટ પર થોડા અપરશેડો તેમ જ નેગ્લીજેબલ લોવર શેડો સાથે વ્હાઈટ બોડી કેન્ડલની રચના કરેલ છે. શુક્રવારના રોજેંદા ચાર્ટની રચના પણ સાપ્તાહિક ચાર્ટના જેવી જ છે, જે લાંબા વીકએન્ડમાં પ્રોફીટ બુકીંગના સંકેત આપે છે.

બે સપ્તાહ પહેલાં બંને ઈન્ડેક્ષોએ સાપ્તાહિક ચાર્ટ પર બુલીશ હરામી રિવર્સલ પેટર્નની રચના કરેલ હતી જેણે હાલના સેન્સેક્ષના (૧૭૭૯૦-૧૫૬૫૧) ના ઘટાડામાંથી તેમ જ નિફ્ટી ના (૫૩૧૦-૪૬૭૫)ના ઘટાડામાંથી પુલબેકને દોરવણી આપેલ હતી. આખરે સેન્સેક્ષ માટેની પુલ બેક સપાટી ૧૪૬૬૮-૧૬૭૨૧-૧૬૯૭૩ છે જ્યારે નિફ્ટી માટેની પુલ બેક સપાટી ૪૯૧૮-૪૯૯૩-૫૦૬૭.આ સપ્તાહે નિફ્ટએ તેનું ૫૦ ટકા રિટ્રેસમેન્ટ લેવલ જે ૪૯૯૩ છે તે સ્પર્શ કરેલ છે અને આ સપાટીએથી નીચે આવેલ છે. સેન્સેક્ષે પણ આવી જ ગતિ દર્શાવેલ છે. આ પુલબેકને સાતત્યભર્યું રાખવા માટે એ જરૂરી છે કે બંને ઈન્ડેક્ષ તાત્કાલીક ૫૦ ટકા સપાટી પસાર કરી દે.

ટૂંકા ગાળાની રૂખ ઉર્ધ્વમુખી જ છે જો સેન્સેક્ષ અને નિફ્ટી તેમની ૫૦ દિવસની અને ૧૦૦ દિવસની મુવીંગ એવરેજની સપાટી બંધ આપવામાં સફળ રહે તો મધ્યમ ગાળાની રૂખ પણ ઉર્ધ્વમુખી બનશે. સેન્સેક્ષની ૫૦ દિવસની મુવીંગ એવરેજ ૧૬૭૮૨ અને ૧૦૦ દિવસની મુવીંગ એવરેજ ૧૬૮૦૭ જ્યારે નિફ્ટીની ૫૦ દિવસની મુવીંગ એવરેજ ૫૦૧૩ અને ૧૦૦ દિવસની મુવીંગ એવરેજ ૫૦૦૮ પણ મોટે ભાગે જોગાનુંજોગ છે અને બજાર જો આ સપાટીઓ પસાર કરે અને તે .પર ટકી રહેવામાં સફળ રહે તો મજબૂત ઉર્ધ્વગતિ અચૂક જોવા મળી શકે. જ્યાં સુધી બજાર ૨૦૦ દિવસની મુવીંગ એવરેજ પર ટકી રહે ત્યાં સુધી લાંબા ગાળાની ઉર્ધ્વગતિ સાબૂત છે જે સેન્સેક્ષમાં ૧૫૯૧૦ અને નિફ્ટીમાં ૪૭૪૪ છે.

બંને ઈન્ડેક્ષોએ ઈન્વર્ટેડ હેડ એન્ડ શોલ્ડર પેટર્નના નામે ઓળખાતી બુલીશ રિવર્સ પેટર્નની રચના કરેલ છે. પરિણામ સ્વરૂપ, સેન્સેક્ષનો હવે પછીનો લક્ષાંક ૧૭૩૧૯ અને નિફ્ટીનો હવે પછીનો લક્ષાંક ૫૧૮૯ છે. જો સેન્સેક્ષ અને નિફ્ટી અનુક્રમે ૧૬૦૩૪ અને ૪૮૦૫ પર ટકી રહે તો આ બંને લક્ષાંકો સાધ્ય થઈ શકે.

એમએસીડી, આરએસઆઈ અને આરઓસી જેવાં બધાં જ સંકેતક ખરીદીના સંકેત આપી રહેલ છે અને આ સંકેત આપવાનું તેમણે ચાલુ જ રાખેલ છે. જે રીતે નીચે -ડીઆઈ તરફથી + ડીઆઈ પસાર થઈ ગયેલ છે તે જોતાં ડી આઈ (ડાયરેક્શનલ ઈન્ડીકેટર - દીશા સૂચક સંકેત) પણ ખરીદીના સંકેત આપી રહેલ છે.

શોર્ટ ટર્મ મુવીંગ એવરેજ ૫ ડીએમએએ ૧૩ ડીએમએની ઉંચી મુવીંગ એવરેજને નીચેથી ઉપરની તરફ પસાર કરી દીધેલ છે અને આ ક્રોસઓવર પણ ટૂંકા ગાળા માટે ખરીદીના સંકેત આપી રહેલ છે.

નિફ્ટી ઓ આઈ પી સી આર ૧.૩૩ છે. જે કોલ રાઈટર્સમાં કેટલોક વિશ્વાસ વધેલ છે તે દર્શાવે છે. ૫૧૦૦ ના સ્ટ્રાઈક ભાવે કોલ રાઈટીંગ જોવા મળેલ છે જે આગળ ઉપર પ્રતિકારક સપાટી તરીકે કાર્ય કરી શકે. પુટ રાઈટીંગ ૪૮૦૦ ના સ્ટ્રાઈક ભાવે જોવા મળેલ છે જે ઘટાડા સમયે મજબૂત ટેકા તરીકે કાર્ય કરે.

આગામી સપ્તાહ માટે સેન્સેક્ષનો સપોર્ટ ૧૬૧૬૭-૧૫૯૩૫-૧૫૭૨૫ છે જ્યારે પ્રતિકારક સપાટી ૧૬૬૬૯-૧૬૯૪૩-૧૭૧૭૧ છે.

આગામી સપ્તાહ માટે નિફ્ટીનો સપોર્ટ ૪૮૩૩-૪૭૬૬-૪૭૦૫ છે જ્યારે પ્રતિકારક સપાટી ૪૯૯૧-૫૦૭૦-૫૧૭૮ છે.

### આગામી સપ્તાહ માટે ભલામણ

| STOCK | CMP | SL | Tgt-1 | Tgt-2 | |
|---|---|---|---|---|---|
| Buy ICICI | | 872 | 859 | 889 | 917 |
| Buy HindZinc | | 1123 | 1104 | 1147 | 1165 |
| Buy Axis Bank | | 1124 | 1109 | 1150 | 1171 |
| Buy Maruti | | 1459 | 1423 | 1509 | 1541 |
| Buy Jindal Steel | | 635 | 619 | 651 | 667 |

### સૂચકાંકો (ઈન્ડેક્ષ)ની સપાટી

| | S3 | S2 | S1 | CLOSE | R1 | R2 | R3 |
|---|---|---|---|---|---|---|---|
| Nifty | 4705 | 4766 | 4833 | 4922 | 4991 | 5070 | 5178 |
| Sensex | 15725 | 15935 | 16167 | 16429 | 16669 | 16943 | 17171 |

### ગત સપ્તાહની ભલામણો પર એક નજર

**ગત સપ્તાહે બધા જ લક્ષાંકો સહેલાઈથી સાધ્ય થયા સિવાય કે આઈ આર બી ઈન્ફ્રા કે જે માત્ર બહુ થોડા માટે લક્ષાંક ચૂકી ગયો.**

| PAIR NO. | | STOCK | REC. PRICE | TGT | REACHED | LOT SIZE | PROFIT |
|---|---|---|---|---|---|---|---|
| 1 | BUY | TITAN | 1811 | 1850 | 1854 | 206 | Rs. 8,858 |
| | SELL | RELINFRA | 1003 | 951 | 950 | 276 | Rs. 14,628 |
| 2 | BUY | IRB | 259 | 267 | 265 | 1000 | Rs. 6,000 |
| | SELL | ROLTA | 180 | 175 | 172 | 1800 | Rs. 14,400 |
| 3 | BUY | IOC | 321 | 330 | 334 | 1200 | Rs. 15,600 |
| | SELL | RIL | 983 | 969 | 959 | 1500 | Rs. 7,200 |
| | | | | | | PROFIT | Rs.66,686 |

# આ નિર્ણાયક તબક્કો છે

કેન્દ્રિય બજેટ આવ્યું અને ગયું પરંતુ આ બજેટ માટેનો નિર્ણાયક તબક્કો હજુ વિચારણા હેઠળ છે. બહારથી જોઈએ તો આર્થિક દ્રષ્ટિએ તે સમતુલિત બજેટ જણાય છે. જો બજારની દ્રષ્ટિએ જોઈએ તો આ એક સ્વાભાવિક બજેટ લાગે છે અને તે સારા સમાચાર છે. આ બજેટમાં બજારની અપેક્ષાઓ ઓછામાં ઓછી તો હતી જ અને તે ભારતની આર્થિક પરિસ્થિતિને આનુસંગિક હતી. પરંતુ હવે દેખી શકાય છે કે આ નકારાત્મક અપેક્ષાઓ તૂટી ગઈ છે અને તેથી સ્પષ્ટ રીતે હાલ પુરતું હંગામી ધોરણે મંદી મય બજારની રૂખ મુલતવી રહેલ છે.

પરંતુ બીજી બાજુ જોઈએ તો અહીં એવી કોઈ નવી બાબત દેખાતી નથી કે જે તેજીના ઋષભને મજબુત બનાવીને દોડતો કરે. તેથી મૂળભૂતરીતે કોઈ ફેરફાર થયેલ નથી અને તેથી આપણે ફરી ટેકનીકલ્સ અને કદાચ વૈશ્વિક બજારો તરફ પાછા ફરીશું. ટેકનીકલ રીતે જોઈએ તો બજાર બંધના ધોરણે ૪૭૫૦થી ૪૯૫૦ની રેન્જમાં જ રહેશે. એવું જણાય છે કે કોઈ નકારાત્મક અપેક્ષાઓ ન હોવાને કારણે હાલ પુરતી તો નીચેની સપાટી તૂટશે નહીં. પરંતુ હકારાત્મક બ્રેકઆઉટ માટે તો આપણે વૈશ્વિક બજારોની ગતિ તરફ નજર કરવી પડશે અથવા તો ઈન્ટ્રાડે બેઝીસ પર શોર્ટ કવરીંગ બજારને ૫૦૫૦-૫૦૮૦ લઈ થાય. જો કે આ સપાટી પર તે ટકી રહે તે જરુરી નથી.

ક્ષેત્રિય ધોરણે જોઈએ તો, ઓટોએ રાહત પેકેજને કારણે નકારાત્મક બીલ્ડઅપ દર્શાવેલ. એક્સાઈઝ અંશતઃ ભાગ ભજવે અને તેના કારણે કદાચ આવનાર દિવસોમાં ઓટો શેરોમાં રીબાઉન્ડ થતા જણાય. બજેટ ઘોષણાઓના કારણે આઈટી હેવી વેઈટ શેરો થોડો સંઘર્ષ અનુભવે. આવક વેરામાં અપાયેલ રાહત અને બીજી કેટલીક જોગવાઈઓને કારણે શહેરી ખપતમાં વૃધ્ધિ થાય અને આ આશાવાદ બજારને લાંબે સુધી દોરી જાય. તેથી શેર જેવા કે યુનાઈટેડ સ્પિરીટ, પીવીઆર. જયુબીલન્ટ ફૂડસ અને ડીશ ટીવી ઉપર તરફ જતા જણાય. બજેટ પહેલાં ૪૭૦૦ ની સપાટી તૂટવાની જે ધારણા મુકાતી હતી તે હવે ઘટી ગઈ છે જ્યારે બીજી બાજુ હવે નિફ્ટી ૫૨૦૦ થી ૫૨૫૦ ની સપાટી તરફ આગળ વધે તેવી શક્યતાઓ જણાઈ રહી છે. ખાસ કરીને વૈશ્વિક દેખાવને કારણે આમ ધારી શકાય. ટેકનીકલી જો નિફ્ટી ૪૯૩૦ ઉપર બંધ આપે તો આવનાર દિવસો માટે તે ખૂબ જ હકારાત્મક બાબત બને. પરંતુ જો ૪૮૨૦ નીચે બંધ આપે તો કદાચ નિફ્ટી ૪૬૫૦ અને ક્યારેક ૪૯૫૦ દર્શાવી શકે.

**ઈક્વિટી સ્ટાર્સ**



**જતીન્દ્ર શર્મા**

**મો. ૯૮૯૯૨૫૨૦૩૪**

Website: www.equitystrategists.com

અમારી અગાઉની ભલામણો મુજબ માત્ર સીમેન્ટ કેટલીક હકારાત્મક ચાલ દર્શાવી શકેલ. ઈન્ડસીન્ડ બેંક અને ડાબર સારી ચાલ દશાવી શકેલ નહીં જ્યારે એજયુકોમ્પમાં સ્ટોપલોસ આવી ગયેલ હતો.

આ સપ્તાહે ટાટા મોટર, એચસીસી અને યુનાઈટેડ સ્પિરિટમાં હકારાત્મકતા જણાઈ રહેલ છે. આ ત્રણ શેર અનુક્રમે ૬૮૭, ૧૨૯ અને ૧૩૨૫ ના સ્ટોપલોસથી ખરીદો. લક્ષાંક ટાટા મોટર્સ માટે ૭૩૫ થી ૭૪૦, એચસીસી માટે ૧૩૯ થી ૧૪૨ અને યુનાઈટેડ સ્પિરિટ માટે રૂ. ૧૩૮૫ થી ૧૪૧૦.

હું બધાને હોળીની મુબારકબાદી આપું છું અને ઈચ્છું છું કે ટ્રેડીંગ સ્કીન પર લાલ રંગ કરતાં લીલો રંગ વધારે દેખાય.

# ઓઈલ અને ઈસ્પાત શેરોમાં તેજીનો તોખાર

ભારતીય શેર બજાર માટે વર્ષ ૨૦૧૦નું માર્ચ માસનું પ્રથમ સપ્તાહ જેની શરુઆત ૨ માર્ચથી થશે અને ૫ માર્ચ સુધી ચાલશે. આ સપ્તાહનું પ્રતિનિધિત્વ ગ્રહોનો રાજા ગુરુ (બૃહસ્પતિ) કરી રહ્યો છે. આ સપ્તાહે કુંભ રાશીમાં સૂર્ય, શુક્ર, બુધ અને ગુરુ ગ્રહો છે. આ બધા ગ્રહો પર મંગળની પૂર્ણ દ્રષ્ટિ પડી રહી છે. આ અદ્દભૂત ગ્રહ સંયોગ ભારતીય શેર બજારમાં મિશ્ર રુખની રચના કરી રહ્યો છે. અમારા પાછલા લેખમાં ભારતીય બજારમાં સકારાત્મકતાની અગ્રિમ ભવિષ્યવાણી આપવામાં આવી હતી. જે પૂર્ણતઃ સાચી નીકળી. અને બજારે બજેટનું સ્વાગત કરતા ૩૫૦ અંકનો વધારો દર્શાવ્યો. બેંકિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, શૈક્ષણિક,પાવર, કેપીટલ ગુડ્ઝ, વગેરે શેરોમાં સકારાત્મક રુખ જોવા મળી હતી.આશા છે કે રોકાણકારોએ એચએમટી, એસબીઆઈ, એનએફએલમાં સારો એવો નફો મેળવ્યો હશે.

**એસ્ટ્રોમની ગુરૂ**



**કર્નલ અજય**

**મો. ૯૪૧૪૦૫૬૭૦૫**

www.astromoneyguru.com

આ સપ્તાહે ઓઈલ એન્ડ ગેસ શેરોમાં વિશેષ હલચલ જોવાશે. એટલે કે રોકાણકારોએ કેઈર્ન ઈન્ડિયા, એચપીસીએલ, ઓઈલ ઈન્ડિયા, ઓએનજીસી, અને ઈસ્પાત ક્ષેત્રની અગ્રણી કંપનીઓ જેવી કે સેલ, ટાટા સ્ટીલ, પર ધ્યાન રાખી શકાય.

આ સપ્તાહે વૃષભ અને તુલા રાશીવાળા માટે શુભ સપ્તાહ રહેશે. વૃષભ રાશીવાળા આ સપ્તાહે ઓઈલ એન્ડ ગેસ સેક્ટરનાશેરોમાં વ્યવસાય કરી લાભ મેળવી શકે છે. વૃષભ જાતીન ટ્રેડરોએ હીરા રત્ન ધારણ કરવાથી લાભ થઈ શકેછે. તથા ૮ નો આંક શુભ લાભ પ્રાપ્ત કરી શકે છે.પરંતુ અતિ ઉત્સાહમાં આવી જઈ ઓવર નાઈટ વેપાર કરવો નહીં.

ઉપરોક્ત બધી ભવિષ્યવાણી જેમીની જ્યોતિષ અને અંક જ્યોતિષના માધ્યમથી આપવામાં આવે છે. લેખકનો આમાં કોઈ અંતરંગ સ્વાર્થ નથી.

# જ્યાં સુધી વૈશ્વિક પરિબળો સાથ નહીં આપે ત્યાં સુધી અનિશ્ચિતતાનું વાતાવરણ

વાંચક મિત્રો,

નિફ્ટી નમસ્કાર,

આપણે હવે જેસમયની રાહજોઈ રહ્યા હતા કે ક્યારે નિફ્ટી આ રેન્જના બહાર આવે. ફેબ્રુઆરી મહિનામાં નિફ્ટી કાંઈ કર્યું નહીં એ શું લાગે છે ? તો હતું પણ ભલે નિફ્ટીમાં સારી એવો સુધારો જોવા મળ્યો. પરંતુ મિત્રો જરાક નજર તો કરો. પરંતુ મિત્રો જરાક નજર તો કરો નિફ્ટીનો બંધ શું આવ્યો છે ? ૪૯૨૨ હજુ પણ નિફ્ટીની જે રેન્જ છે ૪૭૫૦-૪૯૫૦ પરંતુ નિશ્ચિત પગલે તેજી તરફી ધ્યાન કરવું હોય તો જ્યારે નિફ્ટી ૫૦૪૦ ઉપર આવે ત્યારે જ કરાય ત્યાં સુધી દરેક ઉછાળે અનિશ્ચિતતા જોવા મળશે.

નાણાંમંત્રી શ્રી પ્રણવ મુખરજીએ યુનિયન બજેટમાં જીડીપીના એક ટકા જેટલા ફિસ્કલ ડેફીસીટને ઘટાડવાના સંકેત આપતા માર્કેટના સેન્ટીમેન્ટમાં સુધારો આવ્યો હતો. શેર બજારો સોમવારે ૧ માર્ચ ૨૦૧૦ના રોજ ધૂળેટીના તહેવારને કારણે રજા પાળશે.

રિલાયન્સ કેપિટલ અને એસબીઆઈ ના ઓપન ઈન્ટરેસ્ટમાં માર્ચ સિરીઝમાં રસ જોવાયો હતો. આઈએફસીઆઈ ના માર્ચ ના કોલ ઓપ્શનમાં સ્ટ્રાઈક પ્રાઈઝ ૫૦ માં સારી પોઝીશન લેવાતી જોવા મળી છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા માં કોલ ઓપ્શનમાં માર્ચ માસના સ્ટ્રાઈક પ્રાઈઝ ૨૦૦૦ પણ જોવા મળેલ છે.

**ફયુચર ઓપ્શનના ખેલાડીઓ માટે**

**૧. હિન્દાલ્કો (૧૬૨.૬૫)** લોટ સાઈઝ ૩૫૧૮ શેર

- માર્ચ માસના સ્ટ્રાઈક ભાવ ૧૬૦ થી ૭.૮૫ રૂા. ના ભાવેએક કોલ ઓપ્શન ખરીદો.
- માર્ચ માસના ૧૭૦ ના સ્ટ્રાઈક પ્રાઈસથી રૂ. ૩.૬૦ ના ભાવે એક કોલ ઓપ્શન વેચો.

## બુલેટ



**નરેન્દ્ર નયનાની**
**મો. ૯૮૯૮૧૬૨૭૭૦**
nainaninarendra@Hotmail.com
Yahoo Messanger Id-narendranainani
www.narendranainani.blogspot.com

**ચુકવેલ પ્રિમિયમ** = ૭.૮૫*૩૫૧૮= ૨૭૬૧૬.૩૦ રૂ.

**મેળવેલ પ્રિમિયમ** = ૩.૬૦ ★૩૫૧૮= ૧૨૬૬૪.૮૦ રૂા.

**ચોખ્ખું ચુકવેલ પ્રિમિયમ** = ૨૭૬૧૬.૩૦ -૧૨૬૬૪.૮૦ = ૧૪૯૫૧.૫૦ રૂ.

**વધારેમાં વધારે નફો** : = ૧૬૦ - ૧૭૦ = ૧૦★૩૫૧૮ = ૩૫૧૮૦ - ૧૪૯૫૧.૫૦ = ૨૦૨૨૮.૫૦ રૂ.

**વધારેમાં વધારે નુકશાન** : = ૧૪૯૫૧.૫૦ રૂ.

**બ્રેક ઈવન પોઈન્ટ :** = ૧૬૪.૨૫

**૨. આઈસીઆઈસીઆઈ બેંક (૮૬૮.૫૫) :** ફેબ્રુઆરી માસ ફયુચર લોટ સાઈઝ ૩૫૦ શેર

- રૂ. ૮૬૮.૫૫ ના ભાવથી માર્ચ માસ ફયુચરનો એક લોટ ખરીદો.
- **વેચો એક કોલ ઓપ્શન** : માર્ચ માસ સ્ટ્રાઈક ભાવ ૮૮૦ થી રૂ. ૧૧.૪૫ ના ભાવે

**મેળવેલ પ્રિમિયમ** : = ૨૫.૫૫ ★૩૫૦ = ૮૯૪૨.૫૦ રૂ.

**વધારેમાં વધારે નફો** : = ૮૮૦ - ૮૬૮.૫૫= = ૧૧.૪૫★૩૫૦ = ૪૦૦૭.૫૦ + ૮૯૪૨.૫૦ = ૧૨૯૫૦.૦૦ **વધારેમાં વધારે નુકશાન** : અસિમિત

**૧. દેના બેંક** (૮૦.૬૫) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

**૨. રિલાયન્સ કેપિટલ** (૭૮૬.૪૫) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

# ઈન્ટ્રાડે ટ્રેડીંગમાં સંકેતકોની ભૂમિકા

આ સંકેતકો સાપ્તાહીક અથવા તો રોજીંદા ચાર્ટ પર ઉપયોગમાં લેવાથી ટ્રેડર્સ તેમને ઈન્ટ્રાડે ચાર્ટ પર મળતા સંકેતોનું મૂલ્ય આંકી શકે છે. સાદાઈ સારી વસ્તુ છે અને તે આ સંકેતક આપે છે. જો કે હાલના ઝડપી સમયમાં ટ્રેડર્સને સાદગી ગમતી નથી.

એક ટેકનીકલ એનાલીસ્ટ તરીકે આપણે આપણા ચાર્ટ દ્વારા ભાવ ટ્રેક કરવામાં સમર્થ હોવા જોઈએ. જો કે ચાર્ટનું અર્થઘટન વ્યક્તિ આધારિત છે અને તેથી તે વિજ્ઞાન કરતાં કલા વધુ છે. પરિણામે ઘણા લોકો ટેકનીકલ સંકેતો તરફ વળ્યા છે, જે ઘણી વિગતોને આધારે પ્રાઈજ પોઈન્ટ દર્શાવે છે કે જયાં લાગણીઓથી દૂર રહી ટ્રેડીંગ માટે પગલું લઈ શકાય

આપણે પહેલાં એમ એ સી ડી એટલે કે મુવીંગ એવરેજ ડાયવર્જન્સ કન્વર્જન્સ પરફ નજર કરીએ જે ગેરાલ્ડ એપલ દ્વારા સૌ પ્રથમ પ્રસ્તુત કરવામાં આવેલ હતી. જયારે ટ્રેડર્સ ચાર્ટ અથવા રુખમાં હોય ત્યારે સારા સંકેત આપે છે તે દર્શાવેલ છે.

મુવીંગ એવરેજ કન્વર્જન / ડાયવર્જન્સ (એમ એ સી ડી)

સ્ટોકેસ્ટિક

રિલેટિવ સ્ટ્રેન્થ ઈન્ડેક્ષ

સામાન્ય રીતે એમ એ સી ડી

સામાન્યરીતે એમ એ સી ડી નું અર્થઘટન એમએસીડી અને તેના સંકેતો જોઈને કરવામાં આવે છે. સરળ રીતે કહીએ તો જો એમ એ સી ડી સીગ્નલ લાઈનને ઉપર તરફ પસાર કરી જાય તો તેજીમય સંકેત ઉદ્દભવે. આથી ઉલટુ, જો એમ એ સી ડી લાઈન સીગ્નલ લાઈનને નીચે તરફ કાપે તો તે મંદીમય એમએસીડી સંકેત આપે. વધારામાં, એમએસીડી લાઈન અને એમએસીડી સીગ્નલ લાઈનના સંબંધોથી રૂખની મજબૂતાઈ માપી શકાય છે.

## લર્ન એન્ડ ટ્રેડ



**એ. શીવા**
**મો. ૯૬૦૦૪૮૮૧૩૬**
Email :
tipssbsense_er@yahoo.co.in
http://
www.tipssbsense.blogspot.com

### આગામી સપ્તાહમાં કેશ નિફ્ટીની અપેક્ષા

**તા. ૦૨/૦૩/૧૦ થી ૦૫/૦૩/૧૦**

નિફ્ટી હાલની સપાટી ૪૯૨૨ નિમ્ન ગતિ માટેની મહત્વની સપાટી ૪૯૦૦ અને ૪૮૪૦, ઉર્ધ્વગતિ માટેની મહત્વની સપાટી અહીંથી ૪૯૯૯ અને તે પછી ૫૦૫૦ થી ૫૧૨૫

### સાપ્તાહિક ટ્રેડીંગ સ્ટોક

**તા. ૦૨/૦૩/૧૦ થી ૦૫/૦૩/૧૦**

**બજાજ ઓટો ખરીદો** : **૧૮૧૭** ની આસપાસ , લક્ષાંક ૧૮૯૦+ સ્ટોપલોસ ૧૭૯૦

**આઈએફસીઆઈ ખરીદો : ૫૧**ની આસપાસ , લક્ષાંક ૫૫, સ્ટોપલોસ ૪૯

તો બીજા સંકેતકનો ઉપયોગ બજારમાં અર્થઘટન માટે કરતા હોય છે ત્યારે તે એક જરુરી માહીતી માટે એક ભરોસાપાત્ર સ્ત્રોત તરીકે ગણવામાં આવે છે. હાલના ભાવની રુખ અને ગતિ બંન્ને નક્કી કરવા માટે એમ એ સી ડી સંકેતક સ્ટોક ટ્રેડર્સ માટે ખૂબ જ જરુરી અને મદદરૂપ હથિયાર છે.

ટેકનીકલ સંકેતકને સામાન્ય રીતે બે વિભાગોમાં વહેંચવામાં આવેલ છે. એક છે સાતત્ય ધરાવતાં સંકેતક (કન્ટીન્યુશનલ ઈન્ડીકેટર્સ) કે જેઓ રૂખને અનુસરે છે જેમ કે મુવીંગ એવરેજ અને બીજાં તે કે જે ભાવની ગતિની ઝડપ કે મૂલ્યને માપે છે. જયારે ગતિમાં પરિવર્તન આવે ત્યારે ગતિસૂચક સંકેતક જોવા મળે છે જે ટ્રેડીંગ માટેના સંકેત તરફ દોરી જાય છે.

અહીં મોમેન્ટમ કેટેગરીના કેટલાક મૂખ્ય ટેકનીકલ ઈન્ડીકેટર્સ કે જે બજાર ભલે તે ઉપર નીચે થતું હોય અથવા તો સાઈડવેમાં હોય. તેથી જયારે બજારની પરસ્થિતિમાં બદલાવ આવતો હોય ત્યારે શકય વેપારને ઓળખવા માટે તેનો ઉપયોગ કરવો જોઈએ.

સીગ્નલ અને એમએસીડી બે લાઈન વચ્ચેની પહોળાઈ રૂખની વધુ મજબૂતાઈ દર્શાવે છે. જો આ બે લાઈન વધુ નજીક હોય તો રૂખ નબળી છે તેમ વિચારવામાં આવે છે. જુદાઈના અંશ હીસ્ટોગ્રામના ઉપયોગથી મળેલ સંકેતથી જાણી શકાય. છે જે અગાઉ જણાવ્યા મુજબ ઝીરો લાઈનથી ઉપર અથવા તો નીચે હોય છે.

જો તમને બજારનો કોઈ અનુભવ હોય તો તમે જાણતા હશો કે મોટો પ્રશ્ન એ હોય છે કે બજારની પરિસ્થિતિ શું છે તે માટે તમે ચોક્કસ હોતા નથી. પછી

છેલ્લે, એમ એ સી ડી ડાયવર્જન્સ જોવા માટે વપરાય છે. શેર નવી નીચી સપાટી બનાવે છે પરંતુ એમ એ સી ડી નવી નીચી સપાટી બનાવવામાં નિષ્ફળ નિવડે છે જે ટ્રેડર્સને જણાવે છે કે વ્યાપાર બહારનાં પરિબળોથી ચાલી રહેલ છે અને ગતિ ધીમી છે. આ જ બાબત ભાવની તુરતની ઉંચી/નીચી સપાટી તરફ જોઈને પણ સ્પષ્ટરીતે જોઈ શકાય છે અને ત્યારે આ ઉંચી / નીચી સપાટીનું નિરિક્ષણ અને એમએસીડી હવે આવનાર રૂખની મજબૂતાઈ દર્શાવે છે અથવા તેથી ભાવ સપાટીમાં વિરૂધ્ધ ઉચચતમ નીચી સપાટી / નિમ્નતમ ઉંચી સપાટી બનાવે છે.

પરંતુ એમ એ સીડી સાઈડવે માર્કેટમાં સારો દેખાવ કરતી નથી.

પ્રથમ તો, સ્ટોકેસ્ટિક સારા કોલ દર્શાવી શકે છે. ટ્રેડીંગ માર્કેટ ખોટા સંકેત દર્શાવી શકે છે જે તે તમે આ સમય દરમ્યાના ચાર્ટ દ્વારા જાણી શકો છો. જે વ્યાપારી સ્ટોકેસ્ટિકના સંકેત પર જ નિર્ભર છે તેને માટે આ નુકશાનકારક થઈ શકે. બીજુ, આ પાછળનું કારણ એ છે કે સ્ટોકેસ્ટિક બીજા સંકેતકના સંયોજનમાં ઉપયોગમાં લેવામાં આવે છે અને ચાર્ટ એનાલીસીસમાં પણ ચોક્કસ પણે બીજા સંકેતકના સંયોજનમાં વપરાય છે. આ માટે માત્ર સ્ટોકેસ્ટિક પર ખાસ આધાર રાખવો નહીં.

આર એસ આઈ પણ ચોક્કસ સમય માટે ઓવર બોટ અથવા તો ઓવર સોલ્ડ પોઝીશન દર્શાવે છે, પરંતુ જયારે બજારમાં ટ્રેડીંગ ચાલુ હોય પરંતુ ચંચળ અને અસ્થિર હોય ત્યારે બીજા સંકેતકની માફક સારા આર એસ આઈ સંકેતો ડાયવર્જન્સ પર એટલે કે ૭૦-૩૦ના પ્રવેશદ્વારની આસપાસ હોય છે.

મને લાગે છે કે સ્ટોકેસ્ટિક તરફ નજર રાખવી તે એક સારો આઈડીયા છે પરંતુ સામાન્યરીતે હું તો એમ એ સી ડી તરફ જ વધુ નજર રાખું છું.

જો તમે મારા દ્વારા ચલાવવામાં આવતા ટેકનીકલ એનાલીસીસના કલાસ અંગે જાણવા માગતા હો તો મને tipssbsense@yahoo પર ઈ મેઈલ કરી તમારી વિગતો મોકલો અને હું તમને કોર્સ અંગેની વિગતો મોકલીશ. હા, 'ધી ઈકોનોમિક રેવલ્યૂશન'નો રેફરન્સ આપવાનું ભૂલતા નહીં.



**Madhav Ranade**
**(M) 09371002943 or**
**email:**
**sumamura@dataone.in**

# તા. ૨ માર્ચ થી ૫ માર્ચ ૨૦૧૦ નાં ટ્રેડીંગ લેવલ્સ

બજેટ એ કંઈજ નથી, માણ ગણીતીય કસરત છે જેમાં ૫.૫ ટકા જીડીપી ખાધના આંકડાઓ દશાવેલ છે.

પ્રણવ એ નિવડેલા રાજકારણી છે અને તેમને બધાંને ખુશ કરવા ગમે છે. અને તે જ તેમણે આ બજેટમાં કરેલ છે. તેઓએ અંગત વેરામાં ઘટાડો કરીને શહેરી જનતાને ચાલાકીથી ખુશ કરી છે અને એકસાઈઝમાં પણ માત્ર ૨ ટકાનો વધારો કરીને ઉદ્યોગોને પણ નારાજ કર્યા નથી. તેઓએ પેટ્રોલ ઉત્પાદનો પણ શાંતિથી કસ્ટમ ડયુટીમાં ધારો લાદી દીધેલ છે. તેમને સર્વિસ ટેક્ષના દરમાં કોઈ વધારો કરેલ નથી પરંતુ રેલવેનાં ભાડાં, આંતર રાષ્ટ્રીય તેમ જ રાષ્ટ્રીય હવાઈ ઉડ્ડયન આ સર્વિસ ટેક્ષ નીચે આવરી લીધેલ છે.

એકંદરે બજેટ ચોક્કસપણે ફૂગાવાની વૃધ્ધિ કરનારછે અને આરબીઆઈએ જો કંઈ કરવું હોય તો તે છે નાણાકીય પ્રવાહિતાને વધુ તંગ બનાવે.

પ્રવણદા જે શિસ્તની આશા રાખે છે તે સરકાર પાસેથી પૂર્ણ થાય તેવી કઈ શકયતાઓ નથી અને અને કોઈ ભૂલ માટે અથવા તો કન્ટીજન્સી પ્લાનીંગ માટઢે કોઈ માર્જીન રાખી શકે તેમ નથી.

હવે મને લાગે છે કે ફરી આપણે વિદેશીઓના તાલે નાચવું પડશે અને તે પણ નકારાત્મક રીતે.

હવે જુઓ આવતું સપ્તાહ કેવું જાય છે. નીચે આપેલ સપાટીઓ તમને કંઈક માર્ગદર્શન આપી શકે.

**તમે મને યાહુ મેસેન્જરમાં** madhavranade1@yahoo.com **માં એડ પણ કરી શકો છો અને ઉપર જણાવેલ સરનામે ફોન અથવા તો ઈ મેઈલ પણ કરી શકો છો.**

| posn trading lvls | | date | 2nd / 5th march 2010 | |
|---|---|---|---|---|
| stock / index | go | entry | targets | stoploss |
| BSE SENSEX | short | 16300 | 16220/15990/760/530/ | 16450 |
| | long | 16600 | 16680/910/17140 | 16450 |
| BSE auto index | short | 7130 | x | 7230 |
| | long | 7230 | x | 7130 |
| BSE bank index | short | 9740 | x | 9850 |
| | long | 9850 | x | 9740 |
| BSE capital goods | short | 13300 | x | 13450 |
| | long | 13450 | x | 13300 |
| BSE FMCG index | short | 2640 | x | 2670 |
| | long | 2670 | x | 2640 |
| BSE health index | short | 4920 | x | 4985 |
| | long | 4985 | x | 4920 |
| BSE metal index | short | 16445 | x | 16560 |
| | long | 16675 | x | 16560 |
| BSE oil & gas INDEX | short | 9630 | x | 9715 |
| | long | 9715 | x | 9630 |
| BSE PSU index | short | 9245 | x | 9335 |
| | long | 9335 | x | 9245 |
| BSE realty index | short | 3260 | x | 3295 |
| | long | 3330 | x | 3295 |

# બાબુજીના બજેટમાં રાહતો ઓછી અને ખર્ચાઓ બેસુમાર

મિત્રો, જય સાંઈરામ,

આખરે કોર્પોરેટ ઈન્ડિયામાં શેર બજાર, ઉદ્યોગો અને "આમ આદમી" જેની આતુરતાથી રાહ જોતો હતો તે ઘટના ગત સપ્તાહે બની ગઈ. ગત સપ્તાહે કેન્દ્રિય નાણાંમંત્રીશ્રી પ્રણવ મુખર્જી એ સંસદમાં ૨૦૧૦-૧૧નું બજેટ રજૂ કર્યું. જેમાં રાહતો કરતાં ખર્ચા વધશે તેનો સીધો ચિતાર મળતો હતો. જેમાં સપ્તાહના છેલ્લા દિવસે બજેટ બાદ પેટ્રોલ અને ડીઝલનાં ભાવમાં અનુક્રમે રૂા. ૨.૭૧ અને રૂા. ૨.૫૫ નો તોતિંગ વધારો આકસ્મિક રીતે ઝીંકી દેવામાં આવ્યો હતો. નાણામંત્રીએ આપેલ બજેટ ટૂંકાગાળા માટે સારું પણ લાંબાગાળા માટે સંતુલિત કહેવું મુશ્કેલ લાગે છે જેનું સીધું કારણ મેટનો વધારો, એકસાઈઝ ડ્યુટીમાં બે ટકાનો વધારો અને આંશિક સ્ટીમ્યુલસ પેકેજ પાછું લેવાતા અર્થતંત્ર ઉપર બોજો પડી શકે છે. ગત સપ્તાહે પ્રણવ મુખર્જીના બજેટથી બજારમાં આંશિક તેજીનો માહોલ જોવા મળ્યો હતો. સેન્સેકસમાં એક વખત આવેલી ૪૦૦ પોઈન્ટની તોતિંગ તેજી નો ઉભરો બજારમાં બંધ થતાં સમી ગઈ હતી. જ્યાં બજાર ૧૭૫ પોઈન્ટના વધારા સાથે બંધ રહ્યું હતું. ગત સપ્તાહે સેન્સેક્સ ૧૭૪૨૯.૫૫ અને નિફ્ટી ૪૯૨૨.૫૦ ઉપર બંધ આપેલ છે.

આગામી સપ્તાહે બજેટના સમણાં ખોવાતા જોઈ શકાય છે. જ્યાં બજાર ફરીથી વૈશ્વિક બજારોની ચાલ પ્રમાણે ચાલતા જોવા મળી શકે છે.

આગામી સપ્તાહ માટે સેન્સેક્સનો ટેકો ૧૬૦૨૭ અને અવરોધ ૧૬૮૪૯ છે જ્યારે નિફ્ટીનો ટેકો ૪૮૧૨ અને અવરોધ ૫૦૩૯ છે. લાંબાગાળાના રોકાણકારોએ અત્યારે બજારમાં મર્યાદીત રોકાણ કરવું.

અમે આગામી સપ્તાહ માટે જે કોલ આપીએ છીએ તે અમારા પર્સનલ સોફટવેર અને ચાર્ટની પેટર્ન નો અભ્યાસ કરીને જ આપીએ છીએ. અમારા માનવંતા ગ્રાહકો અમારા સતત સંપર્કમાં હોવાથી અમે તેમને નફો ક્યારે બુક કરવો તેની સલાહ સતત આપતા રહીએ છીએ. તો મિત્રો

## રોકિંગ ટીપ્સ મેકર્સ



**આશિષ નાયક**
**મો. ૯૩૭૬૯૮૮૭૬૫, ૯૯૨૪૨૭૯૮૨૫**
rosenayak.1984@yahoo.com

આપ પણ દરેક તબક્કે નફો ઘર ભેગો કરતા રહો. રોકાણકાર મિત્રોએ બજારની રુખ જોઈ નીચે મુજબ રોકાણ કરવું જ્યારે દરેક તબક્કે નફો ઘર ભેગો કરવો. પોતાની કેપેસિટી અને સ્ટોપલોસ રાખી વેપાર કરવો. આર્ટિકલ ધ્યાનથી વાંચી રોકાણ કરવુ જ્યારે નિફ્ટીના સપોર્ટ અને અવરોધ જોઈ લેણ અને વેચાણ કરશો તો વધુ ફાયદો થશે.

**સેન્સેક્સ (૧૬૪૨૯.૫૫) :** ૧૬૫૪૭ ઉપર ૧૬૬૩૫, ૧૬૭૪૧, ૧૬૮૪૯ અને ૧૬૮૭૫ જ્યારે ૧૬૩૪૧ નીચે ૧૬૨૨૩, ૧૬૦૨૭, ૧૫૯૩૯ અને ૧૫૭૩૩ જોવા મળી શકે છે.

**નિફ્ટી (૪૯૨૨.૫૦) :** ૪૯૪૯ ઉપર ૪૯૭૫, ૫૦૦૩, ૫૦૩૯ અને ૫૦૬૯ જ્યારે ૪૯૧૪ નીચે ૪૮૮૬, ૪૮૬૮, ૪૮૧૨ અને ૪૭૭૮ જોવા મળી શકે છે.

**ફ્યુચરના ખેલાડીઓ માટે**

**ડીએલએફ (૨૯૮.૪૫) :** ઉછાળે ૩૦૫ આસપાસ ૩૧૪ ના અવરોધ સાથે ૨૭૮ અને ૨૪૯ ના લક્ષાંકો માટે વેચાણ જાળવવું. ૨૭૬ તૂટતાં મોટો ઘટાડો જોવા મળી શકે છે. જ્યાં ૨૪૯ નો ભાવ બતાવી શકે. સપ્તાહના અંતે રાઈઝીંગ વિડ્થ ઈન એ ન્યુ ડાઉન ટ્રેન્ડ વિથ હેડ એન્ડ સોલ્ડર એસ એ રિવર્સલ ઈન એ અપ ટ્રેન્ડ (છેલ્લી ૧૫ મીનીટની રચના) રચના બનાવેલ છે. સાપ્તાહિક ચાર્ટ ઉપર રાઈઝીંગ વિડ્થ ઈન એ ડાઉન ટ્રેન્ડ બનાવેલ છે. જ્યારે માસિક ચાર્ટ ઉપર રિકટેંગલ ઈન એ ડાઉન ટ્રેન્ડની રચના બનાવેલ છે. ત્રિમાસિક ચાર્ટ ઉપર સાયમેટ્રિક ટ્રાયેંગલ ઈન એ ડાઉન ટ્રેન્ડની રચના બનાવેલ છે. રિયાલ્ટી સ્ટોકમાં કોઈપણ ઉછાળા ટકવા ખૂબ જ મુશ્કલ લાગે છે. રોકાણકારોએ રિયાલ્ટી સ્ટોકમાં અત્યારે રોકાણ કરવું હિતાવહ નથી.

**ટૂંકાથી લાંબાગાળાના રોકાણકારો માટે**

**કચ્છ મિનરલ (બીએસઈ કોડ ૫૩૧૭૭૮) (૧૧.૯૦) :** ઘટાડે ૧૧.૩૫ આસપાસ ખરીદો. લક્ષાંક ૧૪.૦૮ અને ૧૭.૧૮ જો ૧૪.૦૮ ઉપર બંધ આપે તો લક્ષાંક ૧૭.૧૮ સ્ટોપલોસ ૧૦.૪૭.કંપની માઈનિંગ અને મિનરલ્સના વ્યવસાય સાથે છેલ્લા ૨૯ વર્ષથી સંકળાયેલી છે. કંપનીના ત્રિમાસિક અને વાર્ષિક પરિણામો એકંદરે સારા રહ્યા છે. કંપનીના હાથ ઉપર સારી રોકડ પણ છે. જે કંપનીની સદ્ધરતા બતાવે છે. લગભગ ચાર માસ અગાઉ આ શેર લેવાની ભલામણ અમે રૂા. ૪.૫૦ આસપાસ કરેલ તેમણે આ સ્ટોકમાં રોકાણ જાળવી રાખવું. ટૂંકાગાળાના રોકાણકારોએ દરેક ઉછાળે નફો ઘર ભેગો કરવો. લાંબાગાળાનું રોકાણ હિતાવહ.

### ગત સપ્તાહની ભલામણોનું તોફાની પ્રદર્શન

| સ્ટોક | રિટર્ન | સમય | નોંધ |
|---|---|---|---|
| ડીએલએફ (૨૯૭ થી ૨૮૧) | ૫.૩૮ ટકા ઉપર | માત્ર બે જ દિવસમાં | ગત સપ્તાહે સ્પષ્ટ જણાવેલ કે રિયલ્ટી સેક્ટરમાં કોઈપણ ઉછાળા ટકવા મુશ્કેલ લાગે છે જે સપ્તાહના અંત સુધી ટકી શકેલ નથી. |
| પેન્નાર ઈન્ડ. (૩૪.૪૪ થી ૩૬.૮૦) | ૬ ટકા ઉપર | માત્ર બે જ દિવસમાં | લાંબાગાળાના રોકાણકારોએ રોકાણ જાળવી રાખવું. |

# પ્રાઈમરી માર્કેટની ખાટી મીઠી

## એન એમ ડી સી તા. ૧૦મી માર્ચે એફપીઓ સાથે મૂડી બજારમાં આવશે

૧૯૫૮માં સ્થપાયેલી એન એમ ડી સી લી. જે એક ભારત સરકારની સંપૂર્ણ માલીકીની કંપની છે અને જે ખનીજ સંપત્તિ કે જેમાં કાચું લોખંડ, ત્રાંબુ, રોક ફોસ્ફેટ, લાઈમ સ્ટોન, ડોલોમાઈટ, જીપ્સમ, બેન્ટોનાઈટ, મેગ્નેસાઈટ, ડાયમન્ડ, ટીન, ટન્ગસ્ટન, ગ્રેફાઈટ, બીચ સેન્ડ વગેરેના સંશોધન કાર્ય સાથે સંકળાયેલ છે તે માર્ચ ૧૦, ૨૦૧૦ થી માર્ચ ૧૨.૨૦૧૦ સુધી તેનો રૂ. ૧નો એક એવા ૩૩૨,૨૪૩,૨૦૦ ઈક્વીટી શેર સાથે મૂડી બજારમાં એફપીઓ સાથે પ્રવેશી રહેલ છે.

આ કંપનીના રજીસ્ટ્રાર તરીકે કાર્વી કોમ્પ્યુટર શેર પ્રા. લી. ફરજો બજાવશે જયારે લીડ મેનેજર તરીકે સીટી ગ્રુપ ગ્લોબલ માર્કેટસ ઈન્ડીયા પ્રા. લી., એડલવીસ કેપિટલ લી., કોટક મહિન્દ્રા કેપિટલ કું.લી, મોર્ગન સ્ટેનલી ઈન્ડીયા કું. પ્રા. લી. અને યુ. બી. એસ સિક્યુરીટીઝ ઈન્ડીયા પ્રા. લી. ફરજો બજાવશે. આ કંપની હાલમાં બી એસ ઈ અને એન એસ ઈ પર નોંધાયેલ છે તેમ જ ગત શુક્રવાર તા. ૨૬ ફેબ્રુઆરીના રોજ આ શેરનો બંધ ભાવ રૂ. ૪૩૩.૫ હતો દિવસ દરમ્યાન આ શેરે વધુમાં વધુ ભાવ રૂ. ૪૪૬ અને ઓછામાં ઓછો ભાવ રૂ. ૪૨૯ દર્શાવેલ હતો.

હાલમાં આ ઈસ્યુ માટેનું પ્રાઈઝબેન્ડ જાહેર થયેલ નથી, આવતા અંકે આ ઈસ્યુ માટે વિગતવાર માહિતિ અને ભલામણ આપવામાં આવશે.

## યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયા લી. ના આઈપીઓને મળેલો ખૂબ સારો પ્રતિભાવ તેના આખરી દિવસ સુધી ૩૩.૩૮ ગણો ભરાયો

યુનાઈટેડ બેંક લી.નો આઈપીઓ તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૦ના રોજ ભરણા માટે ખુલ્લો મુકવામાં આવેલ હતો, તા. ૨૫ જો રોજ ભરણામાટે બંધ થયેલ હતો. તેના ૫,૦૦,૦૦,૦૦૦ શેરની ઓફર સામે ૧,૬૬,૮૮,૫૦,૯૦૦ ગણો એટલે કે ૩૩.૩૮ ગણો ભરાયેલ છે. જેમાં કયુઆઈબી દ્વારા ૪૭.૦૮૨૪ ગણો, નોન ઈન્સ્ટીટયુશનલ રોકાણકારો દ્વારા ૩૯.૧૫૨૫ ગણો, છૂટક વ્યક્તિગત રોકાણકારો દ્વારા ૯.૮૦૩૮ ગણો અને કર્મચારીઓ દ્વારા ૦.૫૩૦૧ ગણો ભરપાઈ થયેલ છે.

## એ આર એસ એસ લી.નો આઈપીઓ તા. ૦૩.૩.૨૦૧૦ ના રોજ લીસ્ટ થશે

એ આર એસ એસ. નો આઈપીઓ તા. ૩જી માર્ચ૨૦૧૦ ને બુધવારે લીસ્ટ થવાનું નિર્ધારાયેલ છે. આ આઈપીઓમાં તેના રૂ. ૧૦ મૂળ કિંમત ધરાવતા શેરની એક શેર દીઠ કિંમત રૂ. ૪૫૦ નક્કી કરવામાં આવેલ છે. આ આઈપીઓને પણ સારો પ્રતિસાદ સાંપડેલ હતો તે તે ૪૭.૬૨ ગણો ભરાયેલ હતો

આ શેરને બીએસઈ સ્ક્રીપ કોડ ૫૩૩૧૬૩ ફાળવવામાં આવેલ છે. જયારે એન એસ ઈ સીમ્બોલ ARSSINFRA ફાળવવામાં આવેલ છે. આ કંપનીનું લીસ્ટીંગ 'બી' ગ્રુપમાં કરવામાં આવનાર છે.

## હેથ વે કેબલનો આઈપીઓ લીસ્ટીંગના દિવસે જ ૧૩.૪ ટકાના ડીસ્કાઉન્ટ સાથે બંધ રહ્યો

કેબલ ટેલીવિઝન સર્વિસીઝ પ્રોવાઈડર હેથવે કેબલ અને ડેટાકોમનો આઈપીઓ તા. ૨૫ ના રોજ બીએસઈ અને એન એસ ઈ પણ લીસ્ટ થયેલ હતો. આ ઈસ્યુનો ભાવ રૂ. ૨૪૦ નક્કી કરવામાં આવેલ હતો પરંતુ લીસ્ટીંગના દિવસે જ એન અસ ઈ પર ૧૨ ટકા ડીસ્કાઉન્ટ સાથે એટલે કે રૂ. ૨૧૧ની સપાટીએ બંધ રહેલ હતો. જો કે બજારની શરુઆતમાં આ શેરે રૂ. ૨૫૦ની ઉંચી સપાટી દર્શાવી હતી પરંતુ ગણતરીની ક્ષણોમાં જ તે નીચે તરફ સરકવા માંડેલ અને નીચામાં નીચી સપાટી ૨૦૪.૫ દર્શાવીને આખરે રૂ. ૨૧૧ ની સપાટી પર બંધ આપેલ હતો. એન એસ ઈ પર આ શેરનું વોલ્યુમ ૭૪,૪૩,૮૪૬ થવા પામેલ હતું જયારે ટર્નઓવર રૂ. ૧૬૨ કરોડ થવા પામેલ હતો.

આ સાથે આ શેર બી એસ ઈ પર રૂ. ૨૦૭.૮૦ની સપાટીએ બંધ રહેલ હતો. જે તેના ઈસ્યુ ભાવથી ૧૩.૪ ટકા ઘટાડો સૂચવે છે. દિવસ દરમ્યાન ઉંચામાં ઉંચી સપાટી ૨૪૬ અને નીચામાં નીચી સસપાટી રૂ. ૨૦૬.૨૦ દર્શાવેલ હતી.

શુક્રવાર તા. તા.૨૭ ફેબ્રુઆરીના રોજ આ શેરે તેની નીચે તરફની ગતિ ચાલુ જ રાખેલ હતી અને આ દિવસે પણ એન એસ ઈ પર રૂ. ૨૦૦.૫૫ ની સપાટીએ બંધ આપેલ હતો. આમ ધારણા મુજબ આ શેરે રોકાણકારોને સારા એવા નવડાવ્યા હતા.

## સેતલજ જલવિધ્યુતનો આઈપીઓ એપ્રિલ માસમાં આવે તેવી શકયતાઓ

ડીસ ઈન્વેસ્ટમેન્ટ સેક્રેટરી શ્રી સમિત બોજે શુક્રવાર તા. ૨૬ ના રોજ તેમના સંબોધનમાં જણાવેલ હતું કે ડીસ ઈન્વેસ્ટમેન્ટના પગલે હવે સેતલજ જલ વિદ્યૃત નિગમ પણ તેના આઈપીઓ સાથે મૂડી બજારમાં પ્રવેશવા માટે આયોજન કરી રહેલ છે અને જો બધું બરાબર હશે તો આ આઈપીઓ એપ્રિલ માસમાં જાહેર ભરણા માટે ડીસ ઈન્વેસ્ટમેન્ટના ભાગરૂપ ખુલ્લો મુકવામાં આવે તેવી શકયતાઓ છે.

## પાવર ગ્રીડ તેના એફ પી ઓ સાથે સપ્ટેમ્બર ૨૦૧૦માં મૂડી બજારમાં ફરી વાર સક્રિય બને તેવી શકયતાઓ

રાજય સરકારની માલિકીની પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લી . (પી જી સી આઈ એલ) તેના ફોલોઓન પબ્લિક ઓફર (એફ પી ઓ) સાથે સપ્ટેમ્બર માસમાં મૂડીબજારમાં ફરી સક્રિય થવા માટે આયોજન કરી રહેલ છે. આ માટે આ કંપનીએ પાવર મીનીસ્ટ્રીને દરખાસ્ત મોકલી દીધેલ છે. અને આ દરખાસ્ત ફાઈનાન્સ મીનીસ્ટ્રીને ફોરવર્ડ પણ કરવામાં આવેલ છે.

આ એફ પી ઓ દ્વારા આ કંપની ફ્રેસ ઈસ્યુ દ્વારા તેના વિસ્તૃતિકરણ આયોજનના ૧૦ીટકા ફંડ એકત્રિત કરશે અને અનુસંધાન ૨ પાને

## દીપનું દર્પણ



દીપેશ ગોહીલ
મો. ૯૭૨૭૯૯૦૯૮૦
veenmoney@gmail.com

| | |
|---|---|
| NAME | : NIFTY FUT. |
| BUY ABOVE | : 4920 |
| RES-1 | : 4935 |
| RES-2 | : 4980 |
| RES-3 | : 5020 |
| SELL BELOW | : 4920 |
| SUP-1 | : 4880 |
| SUP-2 | : 4830 |
| SUP-3 | : 4750 |




| | |
|---|---|
| NAME | : BANK NIFTY |
| BUY ABOVE | : 8720 |
| RES-1 | : 8857 |
| RES-2 | : 9038 |
| RES-3 | : 9180 |
| SELL BELOW | : 8720 |
| SUP-1 | : 8638 |
| SUP-2 | : 8560 |
| SUP-3 | : 8455 |




| | |
|---|---|
| NAME | : HDIL |
| BUY ABOVE | : 300 |
| RES-1 | : 305 |
| RES-2 | : 310 |
| RES-3 | : 320 |
| SELL BELOW | : 300 |
| SUP-1 | : 287 |
| SUP-2 | : 278 |
| SUP-3 | : 265 |




| | |
|---|---|
| NAME | : TITAN |
| BUY ABOVE | : 1750 |
| RES-1 | : 1774 |
| RES-2 | : 1810 |
| RES-3 | : 1850 |
| SELL BELOW | : 1750 |
| SUP-1 | : 1718 |
| SUP-2 | : 1680 |
| SUP-3 | : 1617 |




| | |
|---|---|
| NAME | : CAIRN |
| BUY ABOVE | : 266 |
| RES-1 | : 270 |
| RES-2 | : 276 |
| RES-3 | : 284 |
| SELL BELOW | : 266 |
| SUP-1 | : 262 |
| SUP-2 | : 255 |
| SUP-3 | : 245 |




| | |
|---|---|
| NAME | : HDFC BANK |
| BUY ABOVE | : 1705 |
| RES-1 | : 1714 |
| RES-2 | : 1736 |
| RES-3 | : 1760 |
| SELL BELOW | : 1705 |
| SUP-1 | : 1653 |
| SUP-2 | : 1628 |
| SUP-3 | : 1581 |




**OUR PERFORMANCE**

| STOCKS | REC. PRICE | HIGH/LOW | TARGET |
|---|---|---|---|
| NIFTY | 4850 | 5002 | 2 TAR. ACHVD. |
| BANK NIFTY | 8400 | 8851 | 3 TAR. ACHVD. |
| CNX IT | 5650 | 5832 | 2 TAR. ACHVD. |
| RIL | 890 | 995 | TAR. ACHVD. |
| WIPRO | 660 | 688 | 2 TAR. ACHVD |

# નિફ્ટીની કૂચ ઉચ્ચતમ પ્રતિકારક સપાટી તરફ

## ટેકનીકલ ટ્રેન્ડ



સંજય લાડ
મો. ૯૮૨૦૯૨૦૫૩૦
WEBSITE : www.stockacademy.co.in

**૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૦ શુક્રવાર**

**નિફ્ટી તરફનો દ્રષ્ટિકોણ :** નિફ્ટીનો ટેકો ૪૮૪૦ છે જયારે પ્રતિકારક સપાટી ૫૦૩૦ અને ૫૧૫૦ છે. સાપ્તાહિક ચાર્ટ મુજબ નિફ્ટીમાં નબળાઈ જણાઈ આવેલ છે અને ઉચ્ચતમ પ્રતિકારક સપાટી તરફ આગળ વધી રહેલ છે.

## ડીલીવરી લેવા માટે ખરીદ કરવા જેવા કેટલાક શેર

| NAME | BUYING PRICE | STOP LOSS | TGT |
|---|---|---|---|
| BALRAMPUR | 100 | 90 | 115 |
| APIL | 530 | 520 | 550 |
| BAJAJHIND | 150 | 140 | 170 |
| CESC | 380 | 370 | 400 |
| GVKPIL | 40 | 30 | 60 |
| HCC | 120 | 100 | 150 |
| INDIANB | 160 | 150 | 170 |
| JPASSOSIATE | 120 | 110 | 140 |
| KOTAK BK | 730 | 720 | 750 |
| NAGAR CON | 140 | 120 | 180 |
| INDIAINFO | 110 | 100 | 125 |

# નિફ્ટી માટે ૫૩૧૧નો બોટલનેક

મિત્રો,
જય જલારામ,

જેની લાંબા સમયથી રાહ જોવાતી હતી તે ૨૦૧૦-૨૦૧૧નું યુનિયન બજેટ આજે લોકસભામાં પેશ કરવામાં આવ્યું. અમે આગળ જણાવ્યું તેમ બજારમાં એક વ્યાપક ભીતિ હતી કે રાહત પેકેજ અંશાત્મક રીતે પાછું ખેંચવાની જાહેરાત બજેટ દ્વારા થશે. પરંતુ, નાણા પ્રધાને ખાસ કોઈ રાહતો પાછી ખેંચી નહીં તથા ડાયરેક્ટ ટેક્સમાં પણ ખાસ કોઈ વધારો કરવાની દરખાસ્ત કરી નહીં. આ વખતના બજેટ માટે ઘણી બધી નકારાત્મક અપેક્ષાઓ હતી જે મોટે ભાગે ટાળવામાં આવી.

## લાંબાગાળા માટે ત્રિમાસિક પરિણામો બાદ જ રોકાણલાયક શેરોને જુદા તારવવા જોઈએ

તેથી જ આ બજેટને શેર બજારે શરુઆતમાં અતિ ઉત્સાહથી વધાવી લીધું. એક તબક્કે સેન્સેક્સ ૪૦૦ પોઈન્ટ ઉછળી ગયું અને નિફ્ટી પણ લગભગ ૧૩૩ પોઈન્ટ ઉછળી ગયું. પરંતુ શરુઆતનો ઉભરો યથાવત ટક્યો નહીં. માથે આવતી ત્રણ દિવસની રજાઓને લીધે ખેલાડીઓએ નફો બુક કરવાનું મુનાસિબ માન્યું અને સત્રાંતે સેન્સેક્સ ૧૭૫ પોઈન્ટ અને નિફ્ટી ૬૨ પોઈન્ટના વધારા સાથે બંધ રહ્યું.

અગાઉ ક્યારેય ન હતી તેટલી નકારાત્મક ધારણાઓ આ વખતનાં બજેટ માટે રાહત પેકેજની પાછી ખેંચવાની ભીતિને લીધે હતી. પરંતુ બજેટમાં નકારાત્મક જાહેરાતો ગણી ગાંઠી જ હતી. જેથી શેર બજાર ઉછળી ગયું. ઘણી વખત આવી નકારાત્મક અપેક્ષાઓ હોય પરંતુ નકારાત્મક પરિણામ ન આવે તેને પણ સકારાત્મક રીતે લેવામાં આવે છે જેનું ઉદાહરણ આ વખતનું બજેટ છે. મુખ્યત્વે જૂની રાહોતો જાળવી રાખવામાં આવી અને અમુક ખાસ જાહેરાતોત કરવામાં આવી તેને આપણે ટૂંકમાં જોઈશું.

(૧) સૌથી અગત્યની જાહેરાત જે બજેટમાં કરવામાં આવી તે ફિસ્કલ ડેફીસીટની છે તેવું અમારું માનવું છે. નાણાં મંત્રીશ્રી એ સરકારી ખાધને કાબુમાં રાખવા માટે ગંભીર છે તે બાબત સ્પષ્ટ કરી દીધી. ૨૦૧૧-૨૦૧૨ સુધીમાં ફિસ્કલ ડેફિસીટ ૫.૫ ટકા સુધી સીમિત રાખવા અને તે પછીના વરસમાં ૪.૮ ટકા સુધી નીચે લઈ જવાનો નિર્ધાર જાહેર કર્યો. તે સારી અને ખૂબ જ અગત્યની બાબત છે. જો કે આ કેટલી હદ શક્ય બનશે તે તો સમય જ કહેશે.

ફિસ્કલર ડેફિસીટ નીચે લાવવા માટે નવા સંસાધનો ઊભા કરવા પડે આવક વધારવી પડે અને ખર્ચ ઓછા કરવા પડે. સરકારે ખાસ કોઈ નવા કરવેરાની જાહેરાત કરી નથી પરંતુ સરકાર આ ડેફિસિટ ઘટાડવા જે પૈસો મેળવશે તે સ્ત્રોત આ મુજબના હશે.

**(એ) ડીસઈન્વેસ્ટમેન્ટ :** સરકાર ડીસ ઈન્વેસ્ટમેન્ટ દ્વારા ચાલુ નાણાંકીય વર્ષમાં ૩૫૦૦૦ કરોડ ઊભા કરી શકશે અને કુલ્લે બે વરસમાં જો આક્રમક રીતે સરકારી કંપનીઓનાં શેરના આઈપીઓ અને એફપીઓનો પ્લાન બનાવે તો બે વરસમાં લગભગ ૭૦૦૦૦ સીત્તેર હજાર કરોડ ઊભા થઈ શકે. જો કે નાણાં પ્રધાનની ધારણા આ વીત્ત વરસમાં ૨૫૦૦૦ કરોડ ઊભા કરવાની છે. ચાલુ વરસમાં એનએચપીસી, એનટીપીસી, ઓઈલ ઈન્ડિયા, આરઈસી વગેરેમાં પોતાનો સ્ટેક હળવો કરીને મૂડી ભેગી કરી છે. આ મૂડીમાંથી સરકાર સામાજિક ક્ષેત્રની યોજનાઓનું ફંડીક કરવાની સરકારની પ્રતિબદ્ધતા છે.

**(બી) કરવેરામાં વધારો :** જો કે સરકારે કરવેરામાં લગભગ “જૈસે થે” જેવી સ્થિતિ ચાલુ રાખી છે. છતાં સીમેન્ટ, ઓટો, સેન્ટ્રલ એક્સાઈઝનો મીનીમમ દર વિગેરેમાં થોડા ફેરફાર કર્યા છે. દેશનાં આઈઆઈપી ડેટા ઉત્સાહ જનક છે. અને ઉત્પાદન વધી રહ્યું છે. એટલે સરકારનું ટેક્સ કલેક્શન આપો આપ સુધરશે અને થોડીક રાહત થશે. તેવી નાણાં પ્રધાનને જરુર આશા હશે. પેટ્રોલ તથા ડીઝલનાં ઉત્પાદનોનો ભાવમાં વધારાથી પણ થોડો લાભ થશે.

## રિલાયન્સનાં શેરથી ટૂંકાગાળા માટે દૂર રહો

**(સી) ખર્ચાઓ ઘટાડવા :** સરકારનાં ખર્ચાઓ મુખ્યત્વે બે વિભાગમાં વહેંચી શકાય. (૧) પ્લાન્ડ એક્સપેન્ડીચર અને (૨) નોન પ્લાન્ડ એક્સપેન્ડીચર. બીજા પ્રકારના ખર્ચાઓ ઉપર કાબૂ રાખવું જરુરી છે જેથી ખાધ વધતી અટકે. ઉપરાંત વહીવટી ખર્ચાઓમાં કરકસર કરી બચત કરી શકાય

**(ડી) સરકારી કંપનીઓનો વહીવટ સુધારી નફાકારકતા વધારવી :** વહીવટી સુધરે અને અસ્ક્યામતોનો યોગ્ય ઉપયોગ થાય તો કંપનીનું નુકસાન ઘટે તથા નફાકારકતા વધે જેથી સરકારને પણ શેર હોલ્ડર તરીકે ફાયદો થાય. ડીવીડન્ડની આવક વધે.

**(ઈ) સબસિડી ઉપર કાપ :** સરકાર અમુક ક્ષેત્રમાં સબસિડીનું ભારણ ઓછું કરે તો સરવાળે ખર્ચ ઘટે. ઓઈલ અને પેટ્રોલ ક્ષેત્રને જો ડી-રેગ્યુલરાઈઝ કરે તો એટલા પ્રમાણમાં સરકારની

**કલમ કોટકની**



**શરદ કોટક**
**મો. ૯૮૨૫૦૬૮૨૧૧**
Skotak@KI-TRADE.com
WWW. KI-TRADE.COM

જવાબદારી ઘટે.

**(એફ) સમયસર પ્રોજેક્ટ પુરુ કરે :** પ્લાન ઈમ્પ્લીમેન્ટેશનમાં વિલંબને કારણે પણ ખર્ચ વધી જતાં હોય છે. સરકારી ધોરણે કામો કરવાને બદલે પ્રજાકીય ભાગીદારી અને પીપીપી દ્વારા સરકાર પોતાની ક્ષમતા ત્થા કુશળતા વધારીને ખર્ચને કાબુમાં રાખી શકે. આવી ઘણી બાબત છે જે પર ધ્યાન આપવાથી કરકસર અને બચત થઈ શકે. નાણાં પ્રધાને વિકાસના ભોગે ફિસ્કલ ડેફિસિટને કાબૂમાં કરવાનું ટાળ્યું છે. જે સારી બાબતો છે. વિકાસ યોજનાઓમાં તેમણે કાપ મુક્યો નથી.

**STOCK INDICES : WEEKLY MOVEMENT**

| | 19- 02 -2010 | 26 - 02 -2010 | + - |
|---|---|---|---|
| Sensex | 16191.63 | 16429.55 | + 237.92 |
| Nifty | 4844.90 | 4922.30 | + 77.40 |

(૨) બીજી અગત્યની જાહેરાત તેમણે કરી છે તે એ છે કે તેમણે ડાયરેક્ટ ટેક્સ કોડની અમલીકરણની મુદ્દત નક્કી કરી નાંખી છે. ૧ લી એપ્રિલ ૨૦૧૧થી એ લાગુ પાડવામાં આવશે. અમારી ધારણા છે કે ડાયરેક્ટ ટેક્સ કોડનો અમલીકરણ બાદ વહીવટી સરળતા આવશે, છટક બારીઓ ઘટશે અને કરવેરાની આવક વધશે.

(૩) નાણા પ્રધાને જો કોઈ નકારાત્મક જાહેરાત કરી હોય તો તે મેટમાં ૩ ટકા નો વધારો કરી ૧૫ ટકાના જૂના દરથી ૧૮ ટકાની જાહેરાત કરી છે તથા પેટ્રોલ તથા ડીઝલના ભાવમાં એક્સાઈઝ ડ્યુટીમાં એક રુપિયાનો વધારો.

(૪) બીજી અગત્યની જાહેરાત ગણીએ તો સરકારી બેંકો માટે ૧૬૫૦૦ કરોડની મુડી વધારવી. સરકાર કેપીટલર એડીક્વસી વધારવા ૧૬૫૦૦ કરોડ સરકારી બેંકોને ફાળવશે જેના લીધે તેમની ધીરાણ ક્ષમતા એટલા પ્રમાણમાં વધી જશે.

(૫) સર્વીસ ટેક્સ જે રાહત પેકેજ બાદ ૧૦ ટકાથી ૧૨ ટકા થશે તેવી સામાન્ય ધારણા હતી પરંતુ નાણાં પ્રધાને કોઈ વધારો કર્યો નથી. તેમણે નવા ક્ષેત્રોને આવર્યા છે જેથી આવક વધે.

(૬) ફિસ્કલ ડેફીસીટ ઘટાડવાની પ્રતિબદ્ધતા દર્શાવવા સરકારે ઓઈલ કંપનીઓને રાહત રુપે ઓઈલ બોન્ડ આપવાનું બંધ કરવાની જાહેરાત કરી છે. તથા પેમેન્ટ કેશ-રોકડમાં આપવાની જાહેરાત કરી છે જેથી બજેટમાં ખર્ચમાં તેનો સમાવેશ કરી શકાય.

આમ સામાન્ય અહીં તહીં ની બાકીની બાબતોછે. જો કે કોઈ મોટા રીફોર્મ સુધારા બજેટમાં ટાળવામાં આવ્યા છે. પરંતુ પાછળથી વ્યવસ્થિત જાહેરાતો આવી શકે જેવી કે વીમા ક્ષેત્રને ખુલ્લું મૂક્તા એફડીઆઈ ની રોકાણ સીમા ૨૬ ટકાથી ૪૯ ટકા કરવી. ખાતર અને ઓઈલ ક્ષેત્રને ડી રેગ્યુલેટ કરવાની દિશામાં આગળ પગલાં જાહેર કરવા વગેરે. અમારી દ્રષ્ટિએ આ વરસનું બજેટ **“નુકસાન નહીં તે પણ નફો”** પ્રકારનું છે.

**બજેટ અને બજાર :**

જો કે પ્રથમ દ્રષ્ટિએ શેર બજાર અને ઉદ્યોગ જગતે બજેટને આવકાર્યુ છે જેના મુખ્ય બે કારણો (૧) કોઈ મોટા નવા કરવેરા નાખવાનું નાણાપ્રધાને ટાળ્યું છે. (૨) રાહત પેકેજ પાછું ખેંચવાનું હાલે મુલત્વી રાખ્યું છે.

ઉપર જણાવેલ બે ભયસ્થાનોમાંથી ઉદ્યોગ જગત હેમખેમ બચી ગયું છે જેથી શેર બજારમાં મોટાં કડાકાઓ થવાની શક્યતા ઘટી ગઈ છે. આપણું બજેટ ફેબ્રુઆરી માસનાં અંતે આવતું હોય છે અને માર્ચ મહિનો બધાને ખબર છે તેમ વાર્ષિક ટેક્સ પ્લાનિંગ વગેરે માટેનું હોય છે. વેતન મેળવનાર વર્ગ એનએસસી, એલઆઈસી, પીએફ, પીપીએફ વગેરેમાં નાણાં રોકી ટેક્સ બચાવવાનો પ્રયત્ન કરતો હોય છે. જેથી રોકાણ કરવા માટે પૈસાની અછત હોય છે અને ક્યારેક રોકાણ ઘટાડી પૈસા ઉભા કરતા હોય છે. જેથી માર્ચ મહિનામાં બજેટ બાદ શેર બજારમાં સામાન્ય રીતે ઘટાડો જોવાતો હોય છે. પરંતુ અમારી ધારણા અને માન્યતા એવી છે કે એક વખત માર્ચ મહિનો પુરો થઈ જાય અને ઉદ્યોગ જગતના ત્રિમાસિક પરિણામો આવવાના શરુ થાય તે અરસામાં જો વૈશ્વિક નકારાત્મક પરિબળોનો અભાવ હોય તો શેર બજાર જરુરથી ઉપરની ચાલ ચાલશે. પરિણામો સારા હોવા જોઈએ. વૈશ્વિક નકારાત્મક કારણો હજી યથાવત છે. પરંતુ દેશમાં ઔદ્યોગિક આંકડાઓ સકારાત્મક છે. ઉત્પાદન અને નિકાસ બંને વધી રહી છે અને એમાં ઉદ્યોગ જગત ત્રિમાસિક પરિણામો સારા દર્શાવે તો શેર બજારમાં નવી ચેતના આવશે.

આજના શત્રની વાચ કરીએ તો મહિનાનો છેલ્લો દિવસ હતો. નિફ્ટી ગુરુવારે ૪૮૫૯.૧૫ ઉપર બંધ હતી અને આજે જેમ જેમ બજેટની જાહેરાતો આગળ વધતી ગઈ તેમ તેમ તેજી પણ આગળ વધતી ગઈ. પરંતુ નિફ્ટી ૫૦૦૦નો આંકડો પાર કરવામાં અસમર્થ રહી. ૪૯૯૨ નો ટોપ બનાવી ૬૨ પોઈન્ટના વધારા સાથે ૪૯૨૨ ઉપર બંધ રહી.

ટેકનીકલ ચાર્ટ ઉપર ઉપરની તરફનો નિફ્ટીનો બ્રેક આઉટ લેવલ ૪૯૪૪ આસપાસ છે. જે ૪૦ દિવસનો એક્સ્પોનેન્શિયલ મુવિંગ એવરેજ ડેઈલી ચાર્ટ ઉપર છે. (૪૦ ઈએમએ) તથા હેડ

## નિફ્ટી ૫૦૫૦- ૫૧૭૫ નાં ઝોનને પાર કરે તો જ સમજવું કે “બજેટ મેં કુછ દમ હૈ”

એન્ડ સોલ્ડરનાં બુલિશ પેટર્નનો નેકલાઈન લેવલ પણ છે. જો કે એક જ દિવસમાં બધું સમુ સુતરું પાર ઉતરે તેવું બને પણ ખરું અને ન પણ બને. આવતા સપ્તાહે જો નિફ્ટી ૫૦૫૦ ઉપર બંધ આપી ટકી રહેશે તો બજારમાં તેજીની ધારણાંઓ મજબૂત બનશે. અને તો ૪૯૧૮નાં સ્ટોપલોસથી ૫૩૧૧ના પ્રથમ ટાર્ગેટની ટૂંકાગાળા માટે અને ૫૭૦૦ ની લાંબાગાળા માટેની આશા જીવંત રહેશે. અમે માનીએ છીએ કે કદાચ એકાદ નાનકડો સેટબેક આવે અને જો નિફ્ટી ૬૪૭૫ ન તોડે તો ચોક્કસ ૫૩૧૧ પાર કરી જશે. માટે બજેટનો પ્રથમ દ્રષ્ટિનો ઉછાળો અને ઊભરો ક્યાં સુધી બજારને જાળવી રાખે છે તે ધ્યાનથીર જોવું પડશે. પરંતુ આવનારા બે મહિનામાં ૪૯૧૮ અને ૫૩૧૧ એ બે લેવલ તમારે બંને તરફનાં બ્રેક આઉટ માટે નોંધી લેવા પડશે.

સેક્ટરની વાત કરીએ તો બધાં જ એનાલિસ્ટો એકમતે બેંકિંગ ક્ષેત્રને પોઝીટીવ ગણે છે પરંતુ ટેકનીકલ બાબતની વાત કરીએ તો બેંકેક્ષ નો બંધ ૯૮૨૯ ઉપર આવ્યો છે.અને નજીકમાં જ ૯૯૦૦-૧૦૦૦૦ નો મોટો રેઝિસ્ટન્સ લેવલ ઊભુ છે. આ પાર કર્યા બાદ જ બેંકિંગ સેક્ટરમાં મોટા સુધારાની ધારણા રાખી શકો.

ઓટો સેક્ટરમાં અમુક શેરોમાં હજી તેજીનો અવકાશ છે. અને એક્સાઈઝમાં ખાસ કિંમતની કારમાં વધારા છતાં છેલ્લાં મહિનાઓમાં કંપનીઓના વેચાણ અને નફાકારકતામાં સુધારો જોવાયો છે તે જળવાઈ રહેવાની ધારણા છે. તેથી આ ક્ષેત્ર મજબૂતી દેખાડશે. કેપીટલ ગુડઝ ક્ષેત્ર બજેટ બાદ મજબૂતી દેખાડી રહ્યું છે. પૂંજ લોઈડ અને લાર્સન ટુબ્રો જેવા શેર ધ્યાનમાં રાખવા પડે. મેટલ, પાવર અને રિયાલીટિ ક્ષેત્ર પણ સકારાત્મક રહે. જ્યારે આઈટી, ઈન્ફર્મેશન ટેકનોલોજી, ક્ષેત્રમાં ઘટાડો જોઈ શકાય. ફાર્મા ક્ષેત્રમાં આર એન્ડ ડી ઉપર વધારે ભાર આપતી યૂનંદી કંપનીઓમાં લેવાલી જોઈ શકાશે. ફાઈનાન્શિયલ ક્ષેત્રમાં શેરો અને કંપનીઓ કે જે બેંકિંગ ક્ષેત્રમાં નવા લાઈસન્સનાં ઈરાદા ધરાવતી હોય તેવી કંપનીઓ માટે પોઝીટીવ છે. આઈએફસીઆઈ, રિલાયન્સ કેપીટલ, બજાજ કેપીટલ ફાઈનાન્સ વગેરે કંપનીઓ પર ધ્યાન આપી શકાય. ઓઈલ સેક્ટર હજી અવઢવ માં છે.

*અત્રે જગ્યાના અભાવે અમે દરેક શેરની લાંબી ચર્ચા કરી શકીએ તેમ નથી. તેથી બજેટને ધ્યાનમાં રાખીને રોકાણકારોએ નીચે આપેલા શેરમાં ધ્યાન રાખવું અને માર્ચનાં આખરે એકાદ ઘટાડો આવે ત્યારે આ શેરોને પોર્ટફોલિયોમાં સમાવવા*

**૧. જય કોર્પ.**
**૨. ડીએલએફ**
**૩. બજાજ ફાયનાન્સ**
**૪. પૂંજ લોઈડ**
**૫. ભારત ફોર્જ**
**૬. એલઆઈસી હાઉસિંગ ફાઈનાન્સ**
**૭. આઈએફસીઆઈ**
**૮. આઈડીબીઆઈ**
**૯. રોલ્ટા**
**૧૦. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા**

*એક વાત નક્કી છે કે બજેટનાં ઉભરો બજેટનાં દિવસે પણ ટકી શક્યો નથી. અને બે ચાર દિવસમાં સમી જશે. રોકાણકાર માટે કંપનીના પરિણામો જ રોકાણ માટે મુખ્ય પરિબળ છે. માટે માર્ચનાં અંતે ત્રિમાસિક પરિણામો બહાર પડ્યા બાદ જ શેર બજારની ખરી ઉપરની ચાલ નક્કી થશે તે ફરી જણાવી દઈ આ લેખનું સમાપન કરીએ.*

## હવે જોઈએ સપ્તાહ દરમ્યાન ટ્રેડીંગ કરવા જેવા શેરની યાદી

અમે જે સ્ટોક વિશે ચર્ચા કરીશું તે સ્ટોક વિષે બજેટમાં પ્રોવીઝનોની શું અસર છે તેની પણ ચર્ચા આવરી લેશું જેથી આ સ્ટોક અથવા જે તે સેક્ટરને બજેટમાં ફાયદો છે કે નુકસાન છે તે વિશેનો તમને થોડો અંદાજ આવે.

**(૧) આલોક ટેક્ષટાઈલ :**
**બંધ ભાવ ૨૩.૫૦**

૫૨ સપ્તાહની આ શેરની મુવમેન્ટ જોઈએ તો ૧૫-૧૬ સુધી નીચે ગયો છે. અને ૨૯ પાર કરી ચૂક્યો છે. પાંચ વરસની સુપર સાઈકલનો અભ્યાસ કરતા આ શેર ઘટાડે પોર્ટફોલિયોમાં ઉમેરવા જેવો છે. એક વખત ઘટાડે ૨૦-૨૧ આવે તો પોર્ટફોલિયોમાં લાંબાગાળા માટે સમાવો. અગાઉના ૨૯.૪૫ના ટોપને ચોક્કસથી તોડશે. ૫૦ ટકા ઉપરનાં નફાની ધારણાં એકાદ વરસમાં બાંધી શકાય.

**(૨) કોર્પોરેશન બેંક**
**બંધ ભાવ : ૪૪૦**

બેંકેક્સ રેસીસ્ટન્સ લેવલની આસપાસ ટ્રેડ કરતો હોવા છતાં અમુક બેંકિંગ ક્ષેત્રમાં શેરને ધ્યાનમાં રાખવા જેવા છે. શુક્રવારે બજેટનાં દિવસે ૪૧૭.૭૦ના આગલા બંધથી ૪૪૭ સુધી જઈ ૪૪૦નો બંધ આપ્યો છે. દૈનિક ચાર્ટ ઉપર તેજીની ચાલ આગળ વધશે તેવા સંકેત છે. તથા સાપ્તાહિક ચાર્ટ ઉપર પણ ખરીદીનાં સિગ્નલ દેખાડી રહ્યું છે. ટૂંકાગાળા માટે ૪૩૩ ના સ્ટોપલોસ સાથે બજાર મજબૂતાઈ દેખાડે તો લઈ શકાય. ૪૫૨નો પ્રથમ અને ૪૬૩નો બીજો ટાર્ગેટ માર્ચ મહિનામાં આવી શકે. ૪૧૭ થી ૪૪૦ એક જ દિવસમાં ગયો છે તેથી ઉપરમાં તરફનો દરેક ઉછાળે પ્રોફીટ બુકિંગનું દબાણ જોઈ શકાશે. લાંબાગાળાના રોકાણ હેતુ એન્ટ્રી લેવલ ૪૦૦ આસપાસનો હોઈ શકે અને સ્ટોપલોસ ૩૮૫નો રાખવો. અને મધ્યમગાળાના રોકાણકારોએ ૪૯૫નો ટાર્ગેટ ધ્યાનમાં રાખો.

**(૩) એચડીએફસી**
**બંધ ભાવ : ૨૫૦૦**

બજેટના દિવસે ૨૪૬૨થી ૨૫૦૦ ઉપરની ચાલ ચાલ્યો છે. આવતા સપ્તાહમાં ૨૫૯૫-૨૬૨૦ વચ્ચે ક્યાંકથી પાછો ફરશે ત્યાર બાદ થોડી નરમાઈ દેખાડે તો લાંબાગાળાના રોકાણકારોએ આ શેર ધ્યાનમાં લેવા જોવો છે. ઘટાડે પોર્ટફોલિયોમાં નાંખો. અમારી દ્રષ્ટિએ એન્ટ્રી લેવલ ૨૨૧૦ આસપાસનો યોગ્ય છે. ૨૩૫૫નો સુંદર ટેકો છે. ટૂંકાગાળા માટે ઉછાળે હળવા થઈ ફરી નીચા મથાળે લાંબાગાળાના રોકાણ માટે ધ્યાન રાખી શકાય. સામાન્ય ધોરણે ફયુચર ઓપ્શનમાં ટ્રેડ કરનારાર૪૮૫ નો સ્ટોપલોસ રાખે. અને ૨૫૩૭-૨૫૭૫ વચ્ચે માર્કેટની ચાલ પ્રમાણે એક વખત નફો બુક કરી લો. એક વખત ૨૫૫૧નો બંધ આપી જાય તો ૨૬૦૦ સુધીનું લેવલ જોત જોતામાં આવી જાય.

**(૪) રિલાયન્સ**
**બંધ ભાવ : ૯૭૮**

બજેટને દિવસે ૯૯૫નો ટોપ બનાવી પાછો પડ્યો. અમે અમારી કોલમમાં રિલાયન્સ વિશે જે ટીપ આપી હતી તે આ સપ્તાહ માટે પણ ધ્યાનમાં રાખવી.

મેટના દરમાં પ્રવર્તમાન ૧૫ ટકાથી ૧૮ ટકાનો વધારો કરવામાં આવ્યો તે રિલાયન્સની નફાકારકતા ઉપર અસર કરશે જે હાલ પુરતી નકારાત્મક છે. ઉપરાંત બજેટમાં સેક્શન ૮૦-બીમાં કુદરતી ગેસ નાં ઉત્પાદન ઉપર કર-રાહતની જોગવાઈઓ પ્રી-નેલ્પ અને નેલ્પ-૭ બંનેને લાગુ પડે છે કે નહીં તેની ચોખવટ ન થાય ત્યાં સુધી આગળની તેજીમાં અડચણ આવશે. આમ પણ આ શેર ઘટાડા તરફી છે જ અને અમે નીચેના લેવલ ગયા સપ્તાહમાં જણાવેલ હતા. વેચાણો વધવા છતાં પ્રોફીટ માર્જીનમાં છેલ્લાં થોડા સમયથી ઘટાડો જોવાયો છે. કાચા તેલનાં ભાવમાં હજી ચમકારો બાકી છે. અને ક્રૂડ ઓઈલ ૧૦૦ ડોલર બેરલ નાં થશે તેવા એંધાણ છે. આવતા ત્રિમાસિક ગાળાના પરિણામો મહદ અંશે આ શેરની ચાલ નક્કી કરશે. પેટ્રોકેમ તથા રિફાઈનીંગ માર્જીનમાં ઘટાડો છતાં ગેસનું માર્જીન ઉત્તમ છે. સરવાળે ટૂંકાગાળા માટે શેર ભલે દબાયેલો રહે પરંતુ લાંબાગાળા માટે કોઈપણ પોર્ટફોલિયો આ શેરમાં સમાવેશ વગર અધુરોજ ગણાય. ૯૫૯ નું બોટમ શુક્રવારે બન્યું. ૯૫૮ તૂટતાં૯૩૮ અને ૯૦૦નાં ભાવ એક વખત આવી શકે ત્યારે આ શેર લઈ લેવો. ૧૦૩૭ અને ૧૦૬૧ ના ભાવ ચોક્કસથી પરિણામો બાદ મળશે.

**(૫) એલ એન્ડ ટી**
**બંધ ભાવ : ૧૫૬૪**

એક વખત ૧૩૯૦નો બોટમ બનાવ્યો જે લાંબાગાળાના રોકાણકારો ધ્યાનમાં રાખો. ૧૩૯૦ના લેવલથી આગળ વધી રહેલા આ શેરમાં ટૂંકાગાળા માટે ૧૫૫૮નો સ્ટોપલોસ જરુરી છે. ૧૫૫૮ તુટતાં ૧૩૯૦ તરફની ચાલે તે તબક્કે ફરી ખુલી જાય. પ્રથમ ૧૪૭૭ અને એ તૂટતાં ૧૩૯૦ ફરી આવે, પરંતુ આ ભાવે તમે લાંબાગાળાના પોર્ટફોલિયોમાં સમાવી શકો. ૧૬૧૭ અને ૧૬૭૦ ના રેસીસ્ટન્સ લેવલે નફો બુક કરવાનું વિચારી શકાય. પરંતુ ઘટાડે ઉમેરવાની અને ઊભા રહેવાની સ્ટ્રેટેજી અપનાવો. તો ૧૭૦૦નો ભાવ આ શેરમાં ક્યાંયે નથી ગયો તે ધ્યાનમાં રાખો.

Printed, Published and Owned by Mrs. DEVLAXMI N. JOSHI and Printed at Bhoomi Offset Bhatitya vadi, Opp. Kalupur Rly. Station, Kalupur, Ahmedabad-380002 and published from H-115/991, Nirmal Appartments, Naranpura, AHMEDABAD-380013. Editor- Mr. NARENDRA JOSHI. PH :-079-27451449, (M) 9825065387